RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 274 Dt. 30-04-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# બંગાળમાં ૯૧ ટકા તોતીંગ મતદાન

## ૨૦૨૧ની બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ૮૨ ટકા મતદાન થયું'તું : બીજા તબક્કા પર ભાજપની મીટ

કોલકાતા, તા.૨૯

બંગાળ ચૂંટણીમાં ૧૪૨ બેઠકો પર બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયું. રેકોર્ડ ૯૧.૩% મતદાન થયું છે. આ આંકડા સાંજે ૬ વાગ્યા સુધીના છે, એટલે કે તેમાં વધારો પણ થઈ શકે છે. પ્રથમ તબક્કાની ૧૫૨ બેઠકો પર પણ રેકોર્ડ ૯૩% મતદાન થયું હતું. એટલે કે ઓવરઓલ બંગાળમાં ૯૪% મતદાન થયું છે. ભારતની ચૂંટણીના ઈતિહાસમાં કોઈપણ રાજ્યમાં આ અત્યાર સુધીનું સૌથી વધુ 'વોટર ટર્નઆઉટ' છે. ૨૦૨૧ની બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ૮૨% મતદાન થયું હતું.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનજીર્ના નેતૃત્વમાં તૃણમૂલ કોંગ્રેસ ચોથી વખત સત્તામાં પાછા ફરવા માટે પ્રયત્નશીલ છે. જ્યારે ભાજપે રાજ્યમાં સત્તા મેળવવા માટે એડી ચોટીનું જોર લગાવ્યું છે.

જેમા હુગલીમાં ૯૦.૩૪ ટકા, હાવડામાં ૮૯.૪૪ ટકા, કોલકાતા ઉત્તરમાં ૮૭.૭૭ ટકા, કોલકાતા દક્ષિણમાં ૮૬.૧૧ ટકા, નાદિયામાં ૯૦.૨૮ ટકા, ઉત્તર ૨૪ પરગણામાં ૮૯.૭૪ ટકા , પૂર્વ વર્ધમાનમાં ૯૨.૪૬ ટકા અને દક્ષિણ ૨૪ પરગણામાં ૮૯.૫૭ ટકા મતદાન નોંધાયું છે.





આ દરમિયાન સીએન અને ભવાનીપુરથી ટીએમસીના ઉમેદવાર મમતા બેનર્જીએ પોતાની જીત અંગે દાવો કર્યો છે. તેમણે ફેસબુક પોસ્ટ દ્વારા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાસે ઉપલબ્ધ માહિતીના આધારે, ભાજપ બંગાળમાં હારી રહી છે. મમતા બેનર્જીએ જણાવ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસ ફરી એકવાર રાજ્યમાં બે તૃતીયાંશ બહુમતી મેળવીને સરકાર બનાવવા માટે તૈયાર છે.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા અનેક જગ્યાઓએ હિંસા થઇ છે. જેમાં હાવડામાં ચાલુ મતદાન દરમિયાન હંગામો અને હિંસક અથડામણના અહેવાલો પણ સામે આવી રહ્યા છે. હાવડામાં એક મતદાન મથક પર ઊટખ માં ખામી સર્જાતા હોબાળો મચી ગયો હતો. તેમજ બગડતી પરિસ્થિતિને જોતા સુરક્ષા દળોએ બેકાબૂ ભીડને વિખેરીને મામલો શાંત પાડ્યો હતો.

ચૂંટણી પહેલા SIR દ્વારા અંદાજે ૯૧ લાખ મતદારોના નામ હટાવવામાં આવ્યા છે. ત્યારબાદ પશ્ચિમ બંગાળમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૭.૬૬ કરોડથી ઘટીને ૬.૭૫ કરોડ રહી ગઈ છે, એટલે કે ૧૧.૮% નો ઘટાડો થયો છે. મતદાનની ટકાવારી વધવાનું એક કારણ SIR હોઈ શકે છે. તેનું લોજિક એ છે કે વોટ આપનારાઓની સંખ્યા તેટલી જ છે, પરંતુ કુલ મતદારોની સંખ્યા ઘટી ગઈ છે. તેથી વોટર ટર્નઆઉટ વધારે દેખાઈ રહ્યો છે.

ભાજપ અને TMC બંનેએ આ ચૂંટણીને આર-પારની લડાઈની જેમ લડી છે. TMC એ સત્તા જાળવી રાખવી છે જેથી પાર્ટી પણ બચી રહે. તો ભાજપે 'અંગ-બંગ-કલિંગ'નો લક્ષ્ય પૂરો કરવો છે, એટલે કે બિહાર-બંગાળ-ઓડિશા ત્રણેય જગ્યાએ સરકાર બનાવવી છે. ભાજપ તરફથી ગૃહમંત્રી અમિત શાહે આખી ચૂંટણીની કમાન પોતે સંભાળી હતી. બૂથ લેવલ પર સંકલન કર્યું. વર્ષ દરમિયાન અનેક વખત રાજ્યની મુલાકાત લીધી. ચૂંટણીના અંતિમ સમયે સતત ૧૫ દિવસ કેમ્પ પણ કર્યો. TMC તરફથી મમતા બેનર્જી, અભિષેક બેનર્જી, ફિરહાદ હકીમ, અરૂપ વિશ્વાસ, ચંદ્રિમા ભટ્ટાચાર્ય, મહુઆ મોઈત્રા, સયાની ઘોષ જેવા દિગ્ગજ નેતાઓ સતત ગ્રાઉન્ડ લેવલ પર રહ્યા. બૂથ લેવલની તૈયારીઓ માટે અભિષેક બેનજીર્ના 'ડાયમંડ હાર્બર મોડલ'ને આખા રાજ્યમાં લાગુ કરવામાં આવ્યું. ૨૦૧૧ પછી સતત ૧૫ વર્ષથી TMC સત્તા પર છે અને મમતા બેનર્જી મુખ્યમંત્રી છે.

એવામાં એન્ટી-ઇનકમ્બન્સી અને પ્રો-ઇનકમ્બન્સી બંનેની સંભાવના રહેલી છે. આટલા લાંબા શાસનમાં બેરોજગારી, ગુનાખોરી અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ ઉઠવા લાગે છે.

તેનાથી બચવા માટે TMC એ ૭૪ ધારાસભ્યોની ટિકિટ કાપી નાખી અને ૧૫ ધારાસભ્યોની બેઠક બદલી દીધી. Axis My Indiaના ડાયરેક્ટર પ્રદીપ ગુપ્તા માને છે કે લાખો યુવા મતદારોએ TMC સિવાય બીજી કોઈ પાર્ટીની સરકાર જોઈ નથી. એવામાં બની શકે કે તેઓ પરિવર્તન માટે મોટી સંખ્યામાં બહાર નીકળી રહ્યા હોય. જોકે, VoteVibe ના સર્વે મુજબ પશ્ચિમ બંગાળમાં અત્યારે પણ ૪૧.૬% મતદારો મમતા બેનજીર્ને જ મુખ્યમંત્રી બનાવવા માંગે છે.

**૧૨ ઈજાગ્રસ્તમાંથી ૮ ની હાલત ગંભીર : મધ્યપ્રદેશના ધાર જિલ્લાની ઘટના**

# શ્રમિકો ભરેલી પિકઅપ વાન પલટતા ૨ બાળક સહિત ૧૨ની જીંદગી સ્વાહા




ધાર, તા.૨૯

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં શ્રમિકો સાથે પસાર થતી પિકઅપ વાન પલટતા ૧૨ વ્યક્તિઓના મોત થયા છે. બુધવારની રાત્રે આ ઘટના બની હોવાનું જાણવા મળી રહ્યું છે. ચિકલિયા સ્થિત રિલાયન્સના પેટ્રોલપંપ પાસે શ્રમિકોથી ભરેલી પિકઅપ વાનની સ્કોર્પિયો ગાડી સાથે ટક્કર થતા, કાબુ ગુમાવતા પલટી ગઈ હતી. કાર સામેની બાજુથી આવી રહી હતી. મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. હાઈવે પર ચીચીયારીઓ દૂર દૂર સુધી સંભળાઈ હતી.

આ ઘટના સાંજે ૮-૩૦ વાગ્યા આસપાસ બની હોવાનું જાણવા મળ્યું છે. પિકઅપ વાનમાં ક્ષમતા કરતા વધારે ૩૦થી ૩૫ શ્રમિકો હતા. અચાનક વાન પલટી જતા અનેક લોકો વાહન નીચે દબાઈ ગયાના પણ રિપોર્ટ છે. નીચે દબાયેલા લોકોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતા પેટ્રોલપંપમાંથી કર્મચારીઓ અને આસપાસના વિસ્તારમાંથી સ્થાનિકો દોડી આવ્યા હતા. ઈજાગસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.ડોક્ટરના જણાવ્યા અનુસાર ૮ વ્યક્તિની સ્થિતિ ગંભીર છે. ૧૨ જેટલા શ્રમિકોને ગંભીર ઈજા પહોંચી છે. જિલ્લા હોસ્પિટલમાં તમામ ઈજાગ્રસ્તોની સારવાર ચાલું છે. પોલીસને સમગ્ર ઘટનાની જાણ થતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો. પોલીસ કર્મચારીઓ પણ રાહતકાર્યમાં જોડાયા હતા. હોસ્પિટલમાં તબીબોની ટીમ સતત મોનિટરિંગ કરી રહી છે. તિરલા પોલીસ સ્ટેશનની હદમાં આ અકસ્માત થયો હતો. દુર્ઘટના બાદ તપાસ ચાલું કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોની સ્થિતિ જોતા મૃતકોની સંખ્યામાં વધારો થાય એવી પૂરી શક્યતાઓ છે. બુધવારનો દિવસ ગુજરાત અને પાડોશી રાજ્ય મધ્ય પ્રદેશ માટે અમંગળ સાબિત થયો છે. ગુજરાતમાં મંગળવારે મોડી રાત્રે અને બુધવારે સવારે ઘટેલી અકસ્માતોની બે ઘટનામાં નવ જણાના જીવ ગયા છે. આ બન્ને અકસ્માત અલગ અલગ સ્થળ પર નેશનલ હાઈ વે ૪૮ પર થયા હતા. એની સાથે મધ્ય પ્રદેશમાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૨ લોકોના મૃત્યું થતા, મોટી જાનહાનિ થવાથી બુધવાર બંને રાજ્યમાં અકસ્માત માટે જીવલેણ સાબિત થયો.

# દ્વેષપૂર્ણ ભાષણ મુદ્દે નવા નિર્દેશો આપવાનો સુપ્રીમનો ઈનકાર

**વર્તમાન કાયદાઓ પૂરતા ગણાવીને કહ્યું કોર્ટ કાયદા બનાવવા માટે ફરજ પાડી શકે નહીં.**

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે બુધવારે દેશભરમાં દ્વેષપૂર્ણ ભાષણને કાબૂમાં લેવા માટે વધારાના નિર્દેશો જારી કરવાનો ઇનકાર કર્યો હતો, અને કહ્યું કે હાલની કાનૂની જોગવાઈઓ પૂરતી છે અને આ મુદ્દો કાયદાના અભાવથી નહીં પરંતુ અમલીકરણથી ઉદ્ભવે છે.

જસ્ટિસ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બેન્ચે અવલોકન કર્યું કે ફોજદારી ગુનાઓનું નિર્માણ કાયદાકીય ક્ષેત્રમાં આવે છે, અને બંધારણીય અદાલતો કાયદાનું અર્થઘટન કરી શકે છે પરંતુ કાયદા બનાવવા માટે ફરજ પાડી શકતી નથી. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે દ્વેષપૂર્ણ ભાષણ માટે હાલના કાયદાકીય તંત્ર આવા કેસોનો સામનો કરવા માટે પૂરતા છે.

કોર્ટે જણાવ્યું હતું કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) પહેલાથી જ ફોજદારી કાયદાને ગતિમાં લાવવા માટે એક વ્યાપક માળખું પૂરું પાડે છે. મેજિસ્ટ્રેટ પાસે હાલના કાનૂની માળખા હેઠળ વ્યાપક દેખરેખ સત્તાઓ પણ છે, અને કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે મંજૂરીની આવશ્યકતાઓ કાર્યવાહી શરૂ કરવાના તબક્કે નહીં, પરંતુ સંજ્ઞાનના તબક્કે કાર્ય કરે છે.

ન્યાયિક સત્તાની મર્યાદાઓ અંગે કોર્ટે કહ્યું કે, બંધારણીય અદાલતો કાયદાનું અર્થઘટન કરી શકે છે અને મૂળભૂત અધિકારોને લાગુ કરવા માટે નિર્દેશો જારી કરી શકે છે, તેઓ કાયદા



ઘડી શકતા નથી અથવા કાયદા ઘડવાની ફરજ પાડી શકતા નથી. ઉચ્ચતમ સ્તરે, કોર્ટ સુધારાની જરૂરિયાત તરફ ધ્યાન દોરી શકે છે. કાયદો બનાવવો કે નહીં તે નિર્ણય સંસદ અને રાજ્ય વિધાનસભાઓનું વિશિષ્ટ ક્ષેત્ર છે.

ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) અને BNSS હેઠળ ઉપલબ્ધ ઉપાયોનો ઉલ્લેખ કરતા, કોર્ટે કહ્યું કે કાનૂની માળખું પહેલાથી જ દ્વેષપૂર્ણ ભાષણને લગતા કેસોમાં અસરકારક ન્યાય સુનિશ્ચિત કરે છે. લલિતાકુમારીના ચુકાદામાં નક્કી કરાયેલા ગુનાના ખુલાસા પર પોલીસ FIR નોંધવા માટે બંધાયેલી છે. નોંધણી ન કરાવવાના કિસ્સામાં, પીડિત વ્યક્તિ કલમ ૧૫૪(૩) CrPC અથવા BNSS હેઠળ સંબંધિત જોગવાઈ હેઠળ વરિષ્ઠ પોલીસ અધિકારીઓનો સંપર્ક કરી શકે છે, અને ત્યારબાદ કલમ ૧૫૬(૩) CrPC અથવા કલમ ૧૭૫ BNSS હેઠળ મેજિસ્ટ્રેટનો સંપર્ક કરી શકે છે, અથવા કલમ ૨૦૦ CrPC અથવા કલમ ૨૨૩ BNSS હેઠળ ફરિયાદ દાખલ કરી શકે છે. બેન્ચે એ પણ સ્પષ્ટ કર્યું કે કલમ ૧૫૬(૩) CrPC હેઠળ તપાસનું નિર્દેશન કરવાનો આદેશ કલમ ૧૯૦ CrPC અથવા ઈગજ્જ હેઠળ તેની સંબંધિત જોગવાઈ હેઠળ નોંધ લેવા સમાન નથી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વધુ નિર્દેશો આપવાનો ઇનકાર કરતી વખતે, કોર્ટે મુદ્દાની ગંભીરતાને સ્વીકારી, અને કહ્યું કે નફરતભર્યું ભાષણ અને અફવા ફેલાવવાથી ભાઈચારો, ગૌરવ અને બંધારણીય વ્યવસ્થા પર સીધી અસર પડે છે. અમે એ અવલોકન કરવું યોગ્ય માનીએ છીએ કે દ્વેષપૂર્ણ ભાષણ અને અફવા ફેલાવવા સંબંધિત મુદ્દાઓ ભાઈચારો, ગૌરવ અને બંધારણીય વ્યવસ્થાના સંરક્ષણ પર સીધા અસર કરે છે. જોકે, કોર્ટે કાયદા પંચના ૨૦૧૭ ના ૨૬૭મા અહેવાલમાં સૂચવવામાં આવેલા સંભવિત સુધારાઓ સહિત વધારાના કાનૂની અથવા નીતિગત પગલાં જરૂરી છે કે કેમ તે ધ્યાનમાં લેવાનું કાર્ય વિધાનસભા પર છોડી દીધું હતું. આ ચુકાદો ૨૦૨૦ થી બનેલી ઘટનાઓને લગતી અરજીઓના બેચમાં આપવામાં આવ્યો હતો, જેમાં પ્રસારણ માધ્યમો અને સામાજિક પ્લેટફોર્મ દ્વારા પ્રસારિત થતી સાંપ્રદાયિક સામગ્રી પરના આરોપોનો સમાવેશ થાય છે. તેમાં ''કોરોના જેહાદ'' અને ''યુપીએસસી જેહાદ'' નામના સુદર્શન ટીવી કાર્યક્રમ જેવા વર્ણનોનો સમાવેશ થાય છે, જેને અગાઉ કોર્ટે પ્રતિબંધિત કર્યો હતો.

# પંચના નિરીક્ષકોનું કામ આતંકવાદ જેવું : મમતા

## મમતાએ ભાજપના ઈશારે કામ કરવાનો - મતદાન પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યાનો આરોપ

નવી દિલ્હી, તા.૨૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બુધવારે ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત ચૂંટણી નિરીક્ષકો અને કેન્દ્રીય દળો પર પ્રહારો કર્યા, તેમના પર ''આતંકવાદ'' માં સામેલ થવાનો અને ભાજપના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો. ભવાનીપુરથી ટીએમસી ઉમેદવાર બેનર્જીએ તેમના વિધાનસભા મતવિસ્તારમાં મતદાન ચાલી રહ્યું છે. તેઓએ ત્યાં અનેક મતદાન મથકોની મુલાકાત લીધી અને આરોપ લગાવ્યો કે અહી ''નવા લોકો'' લાવવામાં આવ્યા છે તેઓ ચાલુ મતદાન પ્રક્રિયા દરમિયાન જે ઇચ્છે છે તે કરી રહ્યા છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ટીએમસી પાર્ટીના તમામ ધ્વજ અગાઉથી દૂર કરી દેવામાં આવ્યા હતા અને દાવો કર્યો હતો કે બહારના લોકો મતદાન પ્રક્રિયામાં દખલ કરી રહ્યા છે.

તેણીએ કહ્યું કે, કોર્ટનો આદેશ છે, પરંતુ સીઆરપીએફ કહે છે કે તેઓ તેનું પાલન કરશે નહીં. અમે કોર્ટના તિરસ્કારની નોટિસ જારી કરી છે, છતાં ઘણા નિરીક્ષકો બહારથી આવ્યા છે. ભાજપ જે કંઈ કહે છે, તેઓ કરી રહ્યા છે. અમારા બધા પોસ્ટરો દૂર કરી દેવામાં આવ્યા છે. શું મતદાન આ રીતે થાય છે? મતદારો દ્વારા મતદાન કરવામાં આવશે, પોલીસ કે સુરક્ષા દળો દ્વારા નહીં. તાજેતરમાં કેટલાક નવા લોકોને લાવવામાં આવ્યા છે, અને તેઓ જે ઇચ્છે છે તે કરી રહ્યા છે. આ આતંકવાદ છે.

ભવાનીપુર વિધાનસભા ક્ષેત્ર બેનજીર્નો રાજકીય ગઢ છે, જ્યાં તેઓ વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી સામે પ્રતિષ્ઠાની લડાઈમાં છે, નંદીગ્રામમાં તેમણે ૨૦૨૧ ની વિધાનસભા ચૂંટણીમાં બેનરજીને હરાવ્યા હતા. ટીએમસી સુપ્રીમો, જે સામાન્ય રીતે મતદાનના દિવસે બપોરે મિત્રા ઇન્સ્ટિટ્યૂશન સ્કૂલમાં મતદાન કરવા માટે તેમના કાલીઘાટ નિવાસસ્થાનથી સવારે ૮ વાગ્યા પહેલા બહાર નીકળી ગયા હતા અને દક્ષિણ કોલકાતાના ચેતલા વિસ્તાર સહિત મતવિસ્તારના અનેક મતદાન મથકોની મુલાકાત લીધી હતી.

બાદમાં તેઓ ભવાનીપુરના ચક્રબેરિયા ખાતે એક મતદાન મથકની બહાર બેસીને પત્રકારો સાથે વાત કરી હતી, જેમાં ગેરરીતિઓનો આરોપ લગાવ્યો હતો અને ભાજપ પર કેન્દ્રીય દળો અને નિરીક્ષકો દ્વારા મતદાન પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. બેનર્જીએ દાવો કર્યો હતો કે રાજ્યની બહારના કેટલાક લોકો મતવિસ્તારમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ચૂંટણી પંચ પાસેથી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી હતી. ટીએમસી સુપ્રીમોએ ટીએમસી એજન્ટો પરના કથિત હુમલાઓ પર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે ''ભાજપ બળજબરીથી ચૂંટણી કરવા માંગે છે.

રાત્રે અમારા કાર્યકરને કેવી રીતે માર મારવામાં આવ્યો. આ અત્યાચાર છે. કેવા પ્રકારની ગુંડાગીરી ચાલી રહી છે? મતદાન આ રીતે થતું નથી. મતદાન શાંતિથી થાય છે. આ લોકશાહીનો તહેવાર છે. પરંતુ તેઓએ તેને સંપૂર્ણપણે બરબાદ કરી દીધું છે. તેમનો ઈરાદો સ્પષ્ટ છે કે ભાજપ બળજબરીથી ચૂંટણીમાં ગોટાળો કરવા માંગે છે. અમારા કાર્યકર્તાઓ અને લોકો મરવા માટે તૈયાર છે, પરંતુ તેઓ સ્થળ છોડશે નહીં.



# કિડનીની બીમારી સામેનો જંગ "ડાલામથ્થો" હારી ગયો!

## સરથાણા નેચર પાર્કમાં વનરાજ 'આર્ય' ની ગર્જના કાયમ શાંતઃ પર્યાવરણ પ્રેમીઓમાં શોકની લહેર





સુરત, તા.૨૯

સુરત મહાનગરપાલિકા સંચાલિત ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ઝૂલોજિકલ ગાર્ડન (સરથાણા નેચર પાર્ક) માંથી એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે.

વર્ષોથી મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર અને નેચર પાર્કની શાન ગણાતા સિંહ 'આર્ય'નું ગઈકાલે વહેલી સવારે નિધન થયું છે. છેલ્લા લાંબા સમયથી કિડનીની ગંભીર બીમારી સામે ઝઝૂમી રહેલો આર્ય અંતે મૃત્યુ સામેનો જંગ હારી જતાં વન્યજીવ પ્રેમીઓમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

૨૦૨૦માં રાયપુરથી એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ સુરત લાવવામાં આવેલો આર્ય જોતજોતામાં સુરતીઓનો લાડકો બની ગયો હતો. ખાસ કરીને સિંહણ 'વસુધા' સાથેની તેની જોડી નેચર પાર્કની મુખ્ય ઓળખ હતી. બાળકોથી લઈને મોટેરાઓ સુધી, દરેક વ્યક્તિ આર્યની એક ગર્જના સાંભળવા કલાકો સુધી પાંજરા પાસે રાહ જોતા હતા. આજે આર્યની વિદાયથી નેચર પાર્ક જાણે સૂમસામ બની ગયું છે.

અંતિમ શ્વાસ સુધી બચાવવા મથતું તંત્ર આર્યને બચાવવા માટે સુરત પાલિકાના ઝૂ સત્તાધીશો અને તબીબોની ટીમે દિવસ-રાત એક કર્યા હતા. તેના બ્લડ રિપોર્ટમાં ક્રિએટિનિન લેવલ વધતા સુરતથી લઈને નવસારી સુધીના નિષ્ણાતોની સલાહ લેવાઈ હતી. છેલ્લા ૮ દિવસથી જ્યારે આર્યએ ખોરાક ત્યાગ્યો, ત્યારે ડોક્ટરોની ટીમ તેને લાઈફ સેવિંગ ડ્રગ્સ અને ફ્લુઈડ આપીને રાત-દિવસ તેની પડખે રહી હતી. સત્તાધીશોની આ મહેનત આર્ય પ્રત્યેની તેમની લાગણી અને ફરજની પ્રતીતિ કરાવે છે.

પગની ઈજાથી શરૂ થયેલી પીડા કિડની પર હુમલો કરી ગઈ હોવાનું બહાર આવ્યું છે. આર્યની તકલીફની શરૂઆત તેના પગની ઈજાથી થઈ હતી. જેની સારવાર દરમિયાન જાણવા મળ્યું કે તેની કિડની ગંભીર રીતે ડેમેજ થઈ ચૂકી છે. કુદરત સામે ભલે માણસ લાચાર હોય, પણ નેચર પાર્કના કર્મચારીઓએ આર્યને જે રીતે માવજત આપી, તે જોતા કર્મચારીઓની આંખોમાં પણ આજે આંસુ છે. જંગલનો રાજા આવી રીતે બીમારી સામે હારી જશે તેવી કલ્પના કોઈએ કરી નહોતી.

### આર્યની યાદો કાયમ રહેશે

સુરતના પર્યાવરણ પ્રેમીઓ માટે એક મોટી ખોટ સરથાણા નેચર પાર્ક માત્ર એક પ્રવાસન સ્થળ નથી, પણ વન્યજીવ સંરક્ષણનું કેન્દ્ર છે. આર્ય અહીં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિનો જીવતો જાગતો પુરાવો હતો. આજે ભલે તેની ગર્જના શાંત થઈ ગઈ હોય, પણ તેની ગૌરવશાળી છબી સુરતના લાખો મુલાકાતીઓના સ્મરણમાં કાયમ જીવંત રહેશે. ઝૂ સત્તાધીશોના જણાવ્યા અનુસાર, ''આર્યને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડવામાં કોઈ કમી રાખવામાં આવી નહોતી. તમામ પ્રયત્નો છતાં તેને બચાવી શકાયો નથી તે અમારા માટે ખૂબ જ પીડાદાયક છે.''




## વડાપ્રધાન મોદી જોડાશે, સુરક્ષા અને પ્રોટોકોલને લઈને તંત્ર એલર્ટ

# ગાંધીનગરમાં ૧૧મીએ BRICSની બેઠક

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજ્ય કેબિનેટ બેઠકમાં આજે એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટને લઈને ચર્ચા થઈ છે. જે અંગે મળતી માહિતી મુજબ, ગત વખતે દિલ્હીમાં યોજાયેલી જ આંતરરાષ્ટ્રીય બ્રિકસ દેશોની હાઇ-લેવલ બેઠક આ વખતે ગુજરાતમાં યોજાવા જઈ રહી છે. આગામી ૧૧ અને ૧૨ મેના રોજ ગાંધીનગરના લીલા હોટેલમાં આ આંતરરાષ્ટ્રીય સમિટ યોજાશે, જેમાં ૧૧ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજરી આપશે, જેને લઈને સુરક્ષા અને પ્રોટોકોલને લઈને તંત્ર એલર્ટ પર છે.

આ બેઠકનું મહત્વ એટલા માટે પણ વધે છે કારણ કે ગયા વખતે દિલ્હીમાં બ્રિકસના પ્રતિનિધિઓ ભેગા થયા હતા, જ્યાં યુથ સબ-ગ્રુપ પર ખાસ ફોકસ સાથે ચર્ચા થઈ હતી. યુવાનોને ગ્લોબલ પોલિસી મેકિંગમાં કેવી રીતે જોડવા અને નવી જનરેશનને બ્રિકસ સાથે કેવી રીતે કનેક્ટ કરવી - તે મુદ્દાઓ આગળ આવ્યા હતા. હવે પ્રશ્ન એ છે કે ગાંધીનગર બેઠકમાં શું નવું આવશે? સૂત્રો માને છે કે આ વખતની બેઠક માત્ર ચર્ચા સુધી સીમિત નહીં રહે, પરંતુ પોલિસી ડાયરેક્શન આપતી બની શકે છે. ખાસ કરીને બ્રિકસ ગઠબંધન હાલમાં જે પડકારોનો સામનો કરી રહ્યું છે, તે ધ્યાનમાં લેતા આ બેઠક નિર્ણાયક બની શકે છે.

બ્રિકસ પાસે કાયમી સચિવાલયનો અભાવ છે, જેના કારણે નિર્ણય પ્રક્રિયા ધીમી પડે છે. ઉપરાંત, નવા સભ્યો જોડાતા આંતરિક મતભેદો વધ્યા છે - કેટલાક દેશો પશ્ચિમ સાથે નજીક છે, જ્યારે કેટલાક તેના વિરોધમાં છે. આ વિરોધાભાસો ગઠબંધનની એકતા પર સીધી અસર કરે છે. આર્થિક મોરચે પણ સ્થિતિ મજબૂત નથી.

ચીનની વૃદ્ધિ એક પડકાર, રશિયા પરના પ્રતિબંધો અને વૈશ્વિક અનિશ્ચિતતા બ્રિકસની અસરકારકતાને અસર કરે છે. વિશ્વ વેપારમાં નોંધપાત્ર હિસ્સો હોવા છતાં સભ્યો વચ્ચેનો આંતરિક વેપાર હજુ ખૂબ ઓછો છે.

આ પરિસ્થિતિમાં ગાંધીનગર બેઠકમાં કેટલીક મહત્વપૂર્ણ દિશામાં આગળ વધવાની શક્યતા છે. તેમાં કાયમી સચિવાલયની રચના, નાણાકીય એકીકરણ, વૈકલ્પિક ફાઇનાન્શિયલ સિસ્ટમ, અને સભ્યો વચ્ચે વેપાર વધારવા માટેના પગલાં જેવા મુદ્દાઓ ચર્ચામાં આવી શકે છે. સાથે સાથે યુથ સબ-ગ્રુપને વધુ સ્ટ્રક્ચર્ડ બનાવવાનો પ્રયાસ પણ થઈ શકે છે. રાજકીય રીતે પણ આ બેઠક ભારત માટે મહત્વપૂર્ણ છે. ૨૦૨૬ના અધ્યક્ષપદ પહેલાં ભારત બ્રિકસમાં પોતાની ભૂમિકા વધુ મજબૂત કરવા માટે આ મંચનો ઉપયોગ કરી શકે છે. દિલ્હી બાદ હવે ગાંધીનગર - બ્રિકસ માટે માત્ર સ્થળ બદલાવ નહીં, પણ દિશા બદલાવનું સંકેત માનવામાં આવી રહ્યું છે.

## જવાનગઢ પાટિયાં પાસે મોતની ચિચીયારીઓ ગુંજી ઉઠ્યો હાઈવે : ૮ ઈજાગ્રસ્ત હોસ્પિટલમાં

# ખાનગી બસે કારને ટક્કર મારતાં ૬ કાળનો કોળીયો

રાજકોટ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લામાં નેશનલ હાઈવે ૪૮ પર ગઈકાલે ખાનગી બસે કારને ટક્કર મારતા ૬ લોકો ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હતા જ્યારે ૮ ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

હિંમતનગર નજીક આવેલા જવાનગઢ પાટિયા પાસે ખાનગી બસ અને કાર વચ્ચેના ગંભીર અકસ્માત સમયે મોતની ચીચીયારીથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા છે. પ્રાથમિક માહિતી મુજબ હતભાગી મોડાસાના સરડોઈના રહીશ હતા. તેઓ સરડોઈ ગામથી કૂંપ જઈ રહ્યા હતા., આ અકસ્માત શામળાજીથી હિંમતનગર તરફ આવતા હાઈવે પર સર્જાયો હતો. એક પુરપાટ ઝડપે આવી રહેલી ખાનગી બસે આગળ જતી કારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેમાં સવાર ૬ મુસાફરોએ જીવ ગુમાવ્યા હતા. મૃતકોમાં




શકરીબેન કમલેશકુમાર નાયક રહે. સરડોઈ તા. મોડાસા જી. અરવલ્લી, કાન્તાબેન કાનજીભાઈ નિમામાં રહે. સરડોઈ તા. મોડાસા જી. અરવલ્લી, હેતલબેન મહેશભાઈ નાયક રહે. નવાં (રણાસણા) તા. તલોદ જી. સાબરકાંઠા, મીનાબેન ભીખાભાઈ ભોય રહે. સરડોઈ તા. મોડાસા જી. અરવલ્લી, સરલાબેન કાન્તીલાલ ભોય રહે. સરડોઈ તા. મોડાસા જી. અરવલ્લી અને આશિકબેન કપિલલાલ નાયક રહે. મોયદ તા. પ્રાંતિજનો સમાવેશ થાય છે.

અકસ્માત બાદ સ્થાનિક લોકો અને રાહદારીઓ મદદે દોડી આવ્યા હતા. આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા ૬ વ્યક્તિઓને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા જ ગાંભોઈ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહોને પીએમ અર્થે ખસેડી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક વ્યવહાર ખોરવાયો હતો. પોલીસે ક્રેન દ્વારા અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી માર્ગ ખુલ્લો કરાવવાની કામગીરી કરી હતી. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

નેશનલ હાઈવે પરના નિયમોના ઉલ્લંઘન અને શોર્ટકટ લેવાની વૃત્તિએ ૬ વ્યક્તિઓનો ભોગ લીધો હોવાની આશંકા સેવાઈ રહી છે. પોલીસ અને હાઈવે ઓથોરિટીની પ્રાથમિક તપાસમાં અકસ્માત પાછળના સંભવિત કારણો ગેરકાયદે કટ હોવાનું જાણવા મળ્યું છે.

નેશનલ હાઈવે પર ડિવાઈડર વચ્ચે પાડવામાં આવેલા ગેરકાયદેસર કટનો ઉપયોગ કરવા જતાં આ અકસ્માત સર્જાયો હોવાની આશંકા છે. હાઈવે પરના જોખમી ઊંચા કટ પર કાર ચઢાવવા જતી વખતે પાછળથી આવતી ખાનગી બસ કાર સાથે અથડાઈ હતી.

# ભારત પહેલેથી જ હિન્દુ રાષ્ટ્ર : ભાગવત

નવી દિલ્હી, તા.૨૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છજ્જ) ના વડા મોહન ભાગવતે જણાવ્યું હતું કે ભારત સ્વાભાવિક રીતે એક હિન્દુ રાષ્ટ્ર છે અને આ સત્ય સ્થાપિત કરવા માટે કોઈ ઔપચારિક ઘોષણાની જરૂર નથી. તેમણે આ ટિપ્પણીઓ નાગપુરમાં છજ્જ અને ડો. હેડગેવાર સ્મારક સમિતિ દ્વારા અયોધ્યામાં રામ મંદિરના નિર્માણમાં સામેલ લોકોને સન્માનિત કરવા માટે આયોજિત એક કાર્યક્રમ વખતે કરી હતી. રેશીમબાગ ખાતે ભાગવતે મંદિરના નિર્માણ પાછળના સામૂહિક પ્રયાસની પ્રશંસા કરી, રાજકીય નેતૃત્વની પ્રતિબદ્ધતા અને સમગ્ર રાષ્ટ્રના ઉત્સાહી સમર્થન બંનેને શ્રેય આપ્યો હતો. તેમણે રામ મંદિરના નિર્માણને માત્ર રાજકીય સિદ્ધિ તરીકે નહીં પરંતુ ભગવાન રામની દૈવી ઈચ્છાથી પ્રેરિત એક ગહન આધ્યાત્મિક સિદ્ધિ ગણાવી હતી. સત્તામાં રહેલા લોકોની પ્રતિબદ્ધતા અને દેશના દરેક લોકોના સમર્થનને કારણે મંદિરનું નિર્માણ થયું હતું. ભાગવતે રાષ્ટ્રીય ભાગીદારીની તુલના ગોવર્ધનના ઉત્થાન સાથે કરતા કહ્યું કે આવા સ્મારક કાર્યો ત્યારે જ સફળ થાય છે જ્યારે સમગ્ર સમાજ પૂરા



હિંદુ રાષ્ટ્ર માટે કોઈ ઔપચારિક ઘોષણાની જરૂર નથી : છજ્જના વડા

દિલથી યોગદાન આપે છે.

ભાગવતે રામ મંદિર ચળવળને સનાતન ધર્મના વ્યાપક પુનરુત્થાન અને ભારતના સભ્યતાના પુનરુત્થાન સાથે જોડતા શ્રી અરવિંદના વિચારોનો ઉલ્લેખ કરતા, નોંધ્યું કે સનાતન ધર્મનું પુનરુત્થાન ભારતીય રાષ્ટ્રના પુનરુત્થાન સાથે અવિભાજ્ય છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય જાગૃતિની પ્રક્રિયા ઘણા સમય પહેલા શરૂ થઈ હતી, જે સામૂહિક સંકલ્પ અને દૈવી કૃપા દ્વારા સંચાલિત છે. ભાગવતે ૨૦૧૪ ની સામાન્ય ચૂંટણીઓનો ઉલ્લેખ કરતા નોંધ્યું કે એક વિદેશી અખબારે અવલોકન કર્યું હતું કે ભારતીયોએ આખરે બ્રિટિશ યુગને અલવિદા કહ્યું છે. જ્યારે ૧૯૪૭ માં રાજકીય સ્વતંત્રતા મળી, ત્યારે તેમણે સૂચવ્યું કે સાચો સભ્યતાનો વિશ્વાસ દાયકાઓ પછી વ્યક્ત કરવામાં આવ્યો હતો. આરએસએસના વડાએ મંદિરને સાકાર કરવામાં રાજકીય ઈચ્છાશક્તિની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકતા કહ્યું કે, જો સત્તામાં રહેલા લોકો પ્રતિબદ્ધ ન હોત, તો શું આ મંદિર બનાવવામાં આવ્યું હોત? લાંબા સમયથી ચાલી આવતી રામ જન્મભૂમિ ચળવળ સરકારના મજબૂત સમર્થન વિના પૂરી થઈ ન હોત. ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાના પ્રશ્ન પર, મોહન ભાગવતે કોઈપણ ઔપચારિક ઘોષણાની જરૂરિયાતને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું કે, સૂર્ય પૂર્વમાં ઉગે છે - શું આપણે તેની જાહેરાત કરવાની જરૂર છે? એ જ રીતે, ભારત એક હિન્દુ રાષ્ટ્ર છે. જે પહેલાથી જ છે અને તે જાહેર કરવાની કોઈ જરૂર નથી.

તેમણે અવલોકન કર્યું કે એક સમયે જે વિચારોની મજાક ઉડાવવામાં આવતી હતી તે હવે ઘણા લોકો દ્વારા વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે. ભાગવતે શ્રોતાઓને યાદ અપાવ્યું કે મંદિરનું નિર્માણ એક મોટી યાત્રામાં માત્ર એક પગલું છે. તેમણે દરેક નાગરિકને ભારતને વધુ સમૃદ્ધ, સાંસ્કૃતિક રીતે ગતિશીલ અને આધ્યાત્મિક રીતે મજબૂત બનાવવા માટે યોગદાન આપવા વિનંતી કરતા કહ્યું કે, તેઓએ તેમનું કાર્ય કર્યું છે; હવે આપણે આપણું કાર્ય કરવું જોઈએ. તેમણે ધર્મની સ્થાપના અને વિશ્વમાં ભારતના યોગદાન માટે આહ્વાન કર્યું હતું.

# આરોગ્ય-વહીવટી વિભાગમાં ૨,૫૦૦ જગ્યાઓ પર થશે ભરતી

## ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કર પુરુષ, જુનિયર ક્લાર્ક-કમ-એકાઉન્ટ ક્લાર્ક તેમજ ,લેબોરેટરી ટેકનિશિયન મળી ૨૫૯૩ જગ્યા પર જાહેર કરાઈ ભરતી



ગાંધીનગર, તા.૨૯

સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે લાંબા સમયની પ્રતીક્ષાનો અંત આવ્યો છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ (ઋક્ષ્જ્જઈ) દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ હેઠળ આરોગ્ય અને વહીવટી વિભાગમાં ખાલી પડેલી ૨,૫૦૦થી વધુ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

ભરતી પ્રક્રિયા મુખ્યત્વે ચાર કેડર માટે હાથ ધરવામાં આવશે. જેમાં ફિમેલ હેલ્થ વર્કર માટે ૧૯૪૮, મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કર પુરુષ ૪૨૦, જુનિયર ક્લાર્ક-કમ-એકાઉન્ટ ક્લાર્ક-૧૬૪, લેબોરેટરી ટેકનિશિયન-૬૧ મળી કુલ ૨૫૯૩ જગ્યા પર ભરતી જાહેર કરાઈ છે.

ભરતીની મુખ્ય વિશેષતાઓ અંગે મળેલી વિગતોમાં સામાજિક ન્યાયના ભાગરૂપે ભરતીમાં દિવ્યાંગ ઉમેદવારો માટે વિશેષ અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. ચૂંટણી આયોગની કડક માર્ગદર્શિકા હેઠળ સમગ્ર પરીક્ષા અને નિમણૂક પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક અને તટસ્થ રીતે પૂર્ણ કરવામાં આવનાર છે. પરીક્ષા ફીની ચુકવણી માટે ઉમેદવારોને જીઇઈ ઊ-ઙ્કુ ની આધુનિક અને સરળ સુવિધા આપવામાં આવી છે.

ભરતીની અનિવાર્યતા પાછળ એવા કારણો મળી રહ્યા છે કે, ૨૦૨૫ના આંકડા મુજબ ગુજરાતના આરોગ્ય માળખામાં સ્ટાફની નોંધપાત્ર ઘટ જોવા મળી છે. રાજ્યમાં તબીબોની ૨૩ ટકા અને નર્સોની ૬ ટકા જગ્યાઓ હાલ ખાલી હોવાનું કહેવાય છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પેરા-મેડિકલ સ્ટાફની અછતને કારણે આરોગ્ય સેવાઓ પર અસર ન પડે તે માટે સરકાર દ્વારા ત્વરિત ભરતીનો નિર્ણય લેવાયો છે.

આવી ભરતીથી રાજ્યના એવા જિલ્લાઓને સૌથી વધુ ફાયદો થશે જ્યાં હાલ ૨૫ ટકાથી વધુ સ્ટાફની અછત છે. નવા સ્ટાફના આગમનથી ગ્રામીણ સ્તરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી) અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (સીએચસી) ની સેવાઓ વધુ મજબૂત અને ઝડપી બનશે તેવું માનવામાં આવે છે.

ઈચ્છુક ઉમેદવારોએ મંડળની સત્તાવાર વેબસાઇટ પર જઈને નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અરજી કરવાની રહેશે. શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને અન્ય વિગતવાર શરતો માટે વેબસાઇટ પરની સત્તાવાર જાહેરાતનો અભ્યાસ કરવો અનિવાર્ય હોવાની તાકીદ કરાઈ છે.

ગુજરાત સરકારના આ નિર્ણયથી હજારો પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. પંચાયત ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનો માટે આ એક શ્રેષ્ઠ તક હોવાનું કહેવું ઉચિત લાગે છે.

# અધિકારીઓ પોતાને કોર્ટથી ઉપર સમજે છે?

## રેવન્યુ સેક્રેટરી-કલેક્ટરનો ઉધડો લેતી હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૯

વડોદરાની ખેતીની જમીનના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટે ન્યાયિક અવમાનના (Contempt of Court) બદલ રાજ્યના ઉચ્ચ વહીવટી અધિકારીઓ સામે આકરૂં વલણ અખત્યાર કર્યું છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી કે, સરકારી અધિકારીઓ હવે હાઈકોર્ટના આદેશોને અવગણીને પોતાના હુકમોને સર્વોપરી ગણવા લાગ્યા છે, જે સાંખી લેવામાં આવશે નહીં.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રેવન્યુ સેક્રેટરી અને વડોદરા કલેક્ટરની કાર્યશૈલી પર આકરા પ્રહારો કર્યા હતા.

''દુનિયામાં ગમે તેવો મોટો અધિકારી હોય, કોર્ટના આદેશનું પાલન કરવું જ પડે. શું અધિકારીઓ હવે કોર્ટ કરતા પણ ઉપર થઈ ગયા છે? કોર્ટે ટકોર કરી કે જો રેવન્યુ સેક્રેટરી હાઈકોર્ટના હુકમનું પાલન કરવા માંગતા ન હોય, તો તેઓ ઘરભેગા થઈ જશે. કન્ટેમ્પ્ટ ચાર્જ (અદાલતી અવમાનના) માટે તૈયાર રહેજો. કોર્ટે સરકાર સામે પણ સવાલ ઉઠાવ્યો કે, ''કેવા કલેક્ટર અને સેક્રેટરીઓની નિમણૂક કરી છે, જેમને કોર્ટના આદેશની ગંભીરતા જ નથી?''

વડોદરામાં ખેતીની જમીન બાબતે હાઈકોર્ટમાં કેસ પડતર હોવા છતાં, વહીવટી તંત્રએ અરજદારની અરજી દફતરે કરી દીધી હતી.

કોર્ટના આદેશનું ઉલ્લંઘન થતા હાઈકોર્ટે જવાબદાર અધિકારીઓને રૂબરૂ હાજર થવા ફરમાન કર્યું હતું. જોકે, કલેક્ટરને બદલે અધિક કલેક્ટર હાજર થતા કોર્ટ વધુ લાલઘૂમ થઈ હતી અને જામીનપાત્ર વોરંટ કાઢવાની ચીમકી ઉચ્ચારી હતી.

હાઈકોર્ટની વોરંટની ચીમકી અને આકરા વલણને પગલે વહીવટી આલમમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

આખરે ઉચ્ચ અધિકારીઓએ દોડતા થઈ કોર્ટ સમક્ષ હાજર થવું પડ્યું હતું. કોર્ટે કલેક્ટરને સવાલ કર્યો હતો કે, ''કેસ કોર્ટમાં પડતર હોવા છતાં તમે કયા આધારે અરજી દફતરે કરી? તેનો જવાબ આપો ત્યારે કોર્ટમાં સોંપો પડી ગયો હતો.

# મનપામાં ભાજપનો વોટ શેર ૭% થી વધુ

## રાજ્યની જિલ્લા પંચાયત-નગરપાલિકામાં વોટ શેરમાં ન જેવો ઘટાડો : ગ્રામ્ય ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ મારી બાજી

રાજકોટ, તા. ૨૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહાનગરમાં ભાજપનું વર્ચસ્વ જોવા મળ્યું તો ગ્રામ્ય ની સરકારી સંસ્થાઓની ચૂંટણીમાં પાર્ટી તથા કોંગ્રેસનું વર્ચસ્વ વધ્યું છે ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાને લેવામાં આવે તો ભાજપ દ્વારા અત્યારથી જ ઝીણવટ પૂર્વકનું પ્લાનિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ મહાનગરપાલિકામાં ભાજપ એ પોતાનું વોટ શેર વધાર્યો તો ગ્રામ્ય ચૂંટણીમાં ભાજપના વોટ શેરમાં આંશિક ઘટાડો પણ થયો છે. બીજી સૌથી મોટી વાત એ છે કે આમ આદમી પાર્ટીના વોટ શેરમાં પણ તોતિંગ વધારો થયો છે જ્યારે કોંગ્રેસનો જનાધાર ધોવાયો છે. હાલ આવનારી ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં સ્થાનિક સ્વરાજ્યનું પરિણામ અત્યંત મહત્વનો ભાગ ભજવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.



જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસને ૨૦૨૧ની સરખામણીમાં વોટ શેરમાં પછાડ્યા

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો બાદ હવે વોટશેરના આંકડા સામે આવ્યા છે. આ આંકડાઓ દર્શાવે છે કે, રાજ્યમાં ભારતીય જનતા પાર્ટી એ પોતાનો મજબૂત ગઢ જાળવી રાખ્યો છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે બીજા ક્રમ માટે રસાકસી જોવા મળી રહી છે. શહેરી મતદારોમાં ભાજપ પર ખૂબ જ મજબૂત વિશ્વાસ દર્શાવ્યો છે. મહાનગરપાલિકાઓમાં ભાજપે લગભગ ૫૯.૩૬% વોટશેર સાથે પ્રચંડ જીત મેળવી છે. જ્યારે કોંગ્રેસને ૨૬.૪૬% પર વોટ જ મળ્યા છે. નોંધનીય છે કે, મહાનગરપાલિકા સ્તરે આમ આદમી પાર્ટીએ ૧૦.૨૭% વોટ મેળવીને શહેરી રાજકારણમાં પોતાની હાજરી મજબૂત કરી રહી છે.

નગરપાલિકાઓમાં ભાજપનો વોટશેર ૫૨.૫૧% રહ્યો છે. જ્યારે કોંગ્રેસે ૩૦.૬૮% વોટ મેળવીને મહાનગરપાલિકા કરતા સારું પ્રદર્શન કર્યું. નગરપાલિકામાં આમ આદમી પાર્ટીનો વોટશેર ૦૪.૮૯% રહ્યો છે. જો કે, ચોંકાવનારી વાત એ છે કે, નગરપાલિકાઓમાં અપક્ષ ઉમેદવારોએ ૯.૩૩% વોટ મેળવ્યા છે. આ વોટશેર દર્શાવે છે કે, સ્થાનિક પ્રશ્નો પર અપક્ષો પર પણ મતદારોએ ભરોસો મૂક્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જિલ્લા અને તાલુકા પંચાયતના પરિણામો હંમેશા રાજ્યના રાજકારણની દિશા નક્કી કરતા હોય છે. જિલ્લા પંચાયતની વાત કરીએ તો, ગ્રામીણ મતદારોએ ભાજપ પર પોતાનો વિશ્વાસ યથાવત રાખતા પક્ષને ૫૨.૨૩% વોટ આપ્યા છે. જ્યારે કોંગ્રેસે અહીં પોતાની મજબૂતી જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે, જે ૩૩.૦૭% વોટશેર સાથે બીજા ક્રમે રહી છે. જો કે, સૌથી વધુ ચોંકાવનારો દેખાવ આમ આદમી પાર્ટીનો રહ્યો છે. આમ આદમી પાર્ટીએ જિલ્લા પંચાયત સ્તરે ૧૨.૦૪% મતો મેળવીને ગ્રામીણ વિસ્તારોમાં પોતાની મજબૂત એન્ટ્રી કરી છે. જ્યારે અપક્ષ ઉમેદવારોના ફાળે માત્ર ૦૧.૩૪% મતો ગયા છે.

તાલુકા પંચાયતમાં પણ ભાજપનું વર્ચસ્વ જોવા મળ્યું છે. ભાજપે તાલુકા પંચાયતમાં ૫૧.૦૦% વોટશેર મેળવીને અડધાથી વધુ મતદારોને પોતાની તરફેણમાં રાખ્યા છે. જ્યારે કોંગ્રેસે ૩૨.૮૯% મતો સાથે ભાજપને ટક્કર આપતી જોવા મળી રહી છે. તાલુકા સ્તરે આમ આદમી પાર્ટી જિલ્લા પંચાયત કરતા પણ વધુ સારો દેખાવ કર્યો છે અને પાર્ટીએ ૧૨.૬૭% મતો મેળવ્યા છે. અહીં અપક્ષોએ પણ ૦૩.૦૩% વોટ મેળવીને પોતાનો પ્રભાવ બતાવ્યો છે.

વર્ષ ૨૦૨૧ ની સરખામણી વર્ષ ૨૦૨૬ની ચૂંટણી સાથે કરવામાં આવે તો મહાનગરપાલિકામાં ભાજપનો વોટ શેર ૬.૪૬ ટકા વધ્યો છે. જ્યારે જિલ્લા પંચાયત ની વાત કરવામાં આવે તો ૨૦૨૬માં ભાજપનો વોટ શેર ૦.૬૫ ટકા ઘટ્યો છે. નગરપાલિકાની વાત કરવામાં આવે તો પણ આ વખતે ભાજપનો વોટ શેર ૦.૦૧ ટકાનો ઘટાડો નોંધાયો છે જે ખૂબ જ આંશિક ઘટાડો કહી શકાય. ત્યારે તાલુકા પંચાયતની વાત કરવામાં આવે તેમાં પણ ભાજપનો વોટ શેર ૦.૨૦ ટકા ઘટ્યો.

કોંગ્રેસની જો વાત કરવામાં આવે તો મહાનગરપાલિકામાં ૨૦૨૧ ની સાપેક્ષમાં ૨૦૨૬ માં વોટ શેરમાં ૦.૨૯ ટકા ઘટ્યું છે, તો જિલ્લા પંચાયતમાં પણ ૪.૫૫ ટકા ઘટ્યો છે. જ્યારે નગરપાલિકામાં કોંગ્રેસનો વોટશેર ૧.૭૦ ટકા વધ્યો છે. જ્યારે તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસનો વોટ શેર ૫.૧૪ ટકા ઘટ્યો.

એવી જ રીતે આમ આદમી પાર્ટી ની જો વાત કરવામાં આવે તો મહાનગરપાલિકામાં વોટ શેરમાં ૩.૬૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. તો બીજી તરફ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ભાજપ અને કોંગ્રેસને પછાડી વોટ શેરમાં ૯.૮૧% નો વધારો નોંધાયો છે જે અત્યંત અકલ્પનીય છે જ્યારે નગરપાલિકાની ચૂંટણીમાં પણ આમ આદમી પાર્ટીને ૦.૭૫ ટકાનો ફાયદો થયો છે. તાલુકા પંચાયતની વાત કરવામાં આવે તો આમ આદમી પાર્ટી ભાજપ અને કોંગ્રેસની સાપેક્ષમાં ૧૦.૧૧% નો વોટ શેર વધાર્યો છે. એકંદરે એ વાત સ્પષ્ટ થઈ છે કે આ વખતની સ્થાનિક સ્વરાજની જોડણીમાં આમ આદમી પાર્ટીએ જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયત માં ઉત્તમ પ્રદર્શન કર્યું છે અને પરિણામ સ્વરૂપે ૨૦૨૧ ની સરખામણીમાં આ વખતે વોટ શેરમાં પણ ખૂબ વધારો થયો છે.

# મવડી સ્પોર્ટસ સંકુલમાં હવે સ્કવોશ ટેબલ ટેનિસ અને રાયફલ શૂટિંગ જેવી રમતોની સુવિધા



૧ મેથી મેમ્બરશીપ અને કોચીંગ બેચ શરૂ થશે : ઓનલાઈન તથા ઓફલાઈન રજીસ્ટ્રેશન માટે પ્રક્રિયા શરૂ

રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકા તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની સંયુક્ત એસ.પી.વી. રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, મવડી ખાતે શહેરના રમતપ્રેમી નાગરિકો અને યુવા ખેલાડીઓને વધુ આધુનિક અને ઉચ્ચ સ્તરની રમતગમત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સતત પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. હાલમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે બેડમિન્ટન કોર્ટ, વોલીબોલ કોર્ટ, બે લોન ટેનીસ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ તેમજ કબડ્ડી માટે મેમ્બરશીપ અને કોચીંગ બેચ સફળતાપૂર્વક ચાલી રહ્યા છે. જેને શહેરના રમતપ્રેમીઓ તરફથી સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે.

હવે આ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે સ્કવોશ, ટેબલ ટેનીસ તથા રાયફલ શૂટિંગ જેવી નવી રમતોની સુવિધા શરૂ કરવામાં આવનાર છે. આ નવી સુવિધા અંતર્ગત સ્કવોશ તથા ટેબલ ટેનીસ માટે દ્વિ માસિક મેમ્બરશીપની વ્યવસ્થા શરૂ કરવામાં આવી રહી છે, જ્યારે રાયફલ શૂટિંગ માટે કોચીંગ બેચ શરૂ કરવામાં આવશે. આ તમામ નવી બેચ તથા મેમ્બરશીપ તા.૧મેથી કાર્યરત બનશે.

તે ઉપરાંત અગાઉથી ઉપલબ્ધ રમતોમાં પણ નવા માસિક કોચીંગ બેચ શરૂ કરવામાં આવશે. જેમાં બેડમિન્ટન, લોન ટેનીસ, વોલીબોલ, બાસ્કેટબોલ, કબડ્ડી તથા નવી શરૂ થનાર રાયફલ શુટીંગ રમતનો સમાવેશ થાય છે. અનુભવી કોચીસના માર્ગદર્શન હેઠળ તાલીમ આપવામાં આવશે

આ તમામ રમતો માટે દ્વિમાસિક મેમ્બરશીપ તથા માસિક કોચીંગ બેચ માટેનું રજીસ્ટ્રેશન તા.૩૦ એપ્રિલ ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકથી શરૂ કરવામાં આવશે. નાગરિકોની સુવિધા માટે ઓનલાઈન તથા ઓફલાઈન બંને પ્રકારની નોંધણી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. રમતપ્રેમીઓ રાજકોટ મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ તથા મોબાઈલ એપ્લિકેશન છખઈ ઈશશિંયક્ષ મારફતે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે. ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસ ખાતે ઓફલાઈન નોંધણી પણ કરાવી શકાશે.

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં રમતગમતની સંસ્કૃતિ વધુ મજબૂત બને, યુવાનોમાં ફિટનેસ અને સ્પર્ધાત્મકતા વધે તેમજ ખેલાડીઓને શહેરમાં જ આધુનિક સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત નવી પહેલ કરવામાં આવી રહી છે. અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ શહેરના રમતગમત ક્ષેત્રે એક આધુનિક કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે, જ્યાં વિવિધ રમતો માટે ઉચ્ચ કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# સાંઢિયાપુલ પાસે મનપાની ડ્રેનેજ લાઇનમાં ભંગાણ

રાજકોટ, તા. ૨૯

રાજકોટના જામનગર રોડ પર નવા બની રહેલા સાંઢિયા પુલ પાસેના રસ્તા પર મહાનગરપાલિકાની ડ્રેનેજની લાઇન લીક થતા રસ્તા પર ગટરના પાણીની રીતસરનો ધોધ વહેતો થયો હતો. કલાકોથી દૂષિત પાણીનો વેડફાટ થતા વાહન ચાલકોને રસ્તા પર નીકળવામાં હાલાકી ભોગવવી પડી હતી. ગટરના પાણી રોડ પર વળતા આ વિસ્તારમાં નાના મોટો ધંધો કરીને પેટિયું રળતાં ફેરીયાઓને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગટરના પાણીની દુર્ગંધથી રાહદારીઓને મુશ્કેલી ઉભી થઈ હતી. આ બાબતે મહાનગરપાલિકાની ડ્રેનેજ શાખાના અધિકારીએ જણાવ્યું કે શીતલ પાર્ક -૨ની ડ્રેનેજની લાઈન ડાયવર્ટ કરવાથી જામનગર રોડ પરના રસ્તા પરની લાઈન લીકેજ થતાં આ સમસ્યા ઉભી થઇ હતી. આ બાબતની જાણ થતાં તુરંત જ મરામતની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.



લાઈન લીક થતા રસ્તા પર ગટરના પાણીની રીતસરનો ધોધ વહેતો થયો

# મનપા વિસ્તારમાં આચાર સંહિતા પુર્ણ

## રાજકોટ સહિતના સ્થળોએ પરિણામ જાહેર થઇ જતાં રાજ્ય સરકારે આચાર સંહિતા હટાવી

રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકા સહિત રાજ્યભરમાં યોજાયેલી મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો સહિતની તમામ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થઇ જતાં રાજ્ય સરકાર દ્વારા ચૂંટણી સંદર્ભે અમલમાં મુકાયેલી આચાર સંહિતા ઉઠાવી લેવામાં આવી છે.

આ અંગે રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર મુજબ તા. ૧ એપ્રિલથી રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણી માટે જે તે સ્થળોએ ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં મુકવામાં આવી હતી. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ મુજબ તા. ૨૭ એપ્રિલથી ૬-ચિતરીયા તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. વિજયનગર, જિ. સાબરકાંઠા ૩-અસ્તાન તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. બારડોલી, જિ. સુરત અને ૪-દહેગામડા તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. બાવળા, જિ. અમદાવાદની ચૂંટણી માટે ચૂંટણી કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે.આ ત્રણ બેઠકોના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આદર્શ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય -પેટા ચૂંટણીઓ અંગેની મતગણતરી આ ત્રણ બેઠકો સિવાય તા.૨૮ એપ્રિલના રોજ પૂર્ણ થઇ હોવાથી ગત તા. ૧ એપ્રિલથી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં આવેલ આદર્શ આચારસંહિતા મતગણતરી પૂર્ણ થવાની સાથે જ ઉઠાવી લેવામાં આવી છે. આ મુજબ રાજકોટ મહાનગરપાલિકા સહિતના વિસ્તારોમાં હવે આચારસંહિતા અમલમાં રહેતી નથી.

# રાજકોટ આજે અગનભઠ્ઠીમાં શેકાસે

## રાજકોટ ફરી વખત રાજ્યનું ૪૩.૬ ડિગ્રી સાથે ‘‘હોટ સીટી‘‘ : સૌરાષ્ટ્ર કચ્છના દરિયાકાંઠાના જિલ્લાઓમાં યેલ્લો એલર્ટ



રાજકોટ, તા. ૨૯

છેલ્લા ઘણા સમયથી સૌરાષ્ટ્ર કચ્છના હવામાનમાં અનેકવિધ રીતે ઉલટફેર થઈ રહ્યો છે. અને સમગ્ર રાજ્યમાં રાજકોટ , અમરેલી હોટેસ્ટ સીટી તરીકે પણનોંધાયું છે. રાજકોટનું તાપમાન પણ ગઈકાલે ૪૩.૬ ડિગ્રીએ રહ્યું હતું અને તે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર તરીકે પણ હવામાન વિભાગે વર્ણવ્યું હતું. અત્યારે હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૪૮ કલાક હજુ પણ હિટવેવ રહે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત પરમાર ગરમીનું ખૂબ વધુ જોવા મળી રહ્યું છે અને જાણે ગરમીએ રોદ્રરૂપ અપનાવ્યું હોય તેઓ જાણવા પણ મળે છે. હજુ પણ આવતા બે દિવસ તાપમાનનો પારો ઊંચો રહેશે.

સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર રાજકોટ ૪૩.૬ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું હતું. તે જ સમયે અમદાવાદમાં પણ ૪૩.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સતત વધતા તાપમાનના કારણે બપોરના સમયે રસ્તાઓ પર સ્વયંભૂ કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, હીટવેવની આ સ્થિતિ આગામી ૪૮ કલાક સુધી યથાવત રહેવાની શક્યતા છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૦ થી ૪૪ ડિગ્રીની વચ્ચે રહેવાની ધારણા છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના જિલ્લાઓ માટે હવામાન વિભાગે યેલો એલર્ટ જારી કર્યું છે. કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જેવા જિલ્લાઓના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની સંભાવના છે. આ ઉપરાંત, પવનની ગતિ પણ સામાન્ય કરતા વધુ રહી શકે છે. રાજ્યના બાકીના હિસ્સાઓમાં વાતાવરણ મુખ્યત્વે સામાન્ય રહેશે.

હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ રાજકોટ શહેર ગઈકાલે ૪૨ ડીગ્રી સાથે અગનભઠ્ઠો બન્યું હતું. બીજી બાજું ગરમી, હવાના પ્રદુષણ અને ધ્વની પ્રદુષણ સહિતના આંકડાઓ નોંધતા મહાનગરપાલિકાના આઇ વે પ્રોજેક્ટમાં ભર બપોરે એક વાગે રાજકોટના અલગ અલગ વિસ્તારોનું તાપમાન ૩૭ થી ૩૯ ડીગ્રી હોવાનું જાહેર કરવામાં આવ્યા હતા ! એક તરફ હવામાન નિષ્ણાંતોએ તા. ૨૯ એપ્રિલથી ૫ મે વચ્ચેના સમયગાળામાં પ્રિમોન્સુન એક્ટિવીટી સાથે તાપમાન ઉચકાવાની અને પવન સાથે લૂ ફૂંકાવાની અને બફારો વધવાની આગાહી કરી છે ત્યારે રાજકોટવાસીઓ છેલ્લા ચાર પાંચ દિવસથી આકરી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. રવિવાર અને સોમવારના દિવસે પણ ૪૦ ડીગ્રીથી વધુ તાપમાનનો અનુભવ કરનારા રાજકોટવાસીઓએ આજે બફારા સાથે આકરાં તાપનો અનુભવ કર્યો હતો.

શહેર અગનભઠ્ઠો બન્યુ હોય તેમ બપોરે ૪૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. ગઈકાલે શહેરમાં ૪૨ ડીગ્રી તાપમાન સાથે લૂ વરસાવતો પવન પણ ફૂંકાયો હતો. ચામડી દઝાડતાં તાપ સાથે ૧૯ કિલોમીટરની ઝડપે લૂ વરસાવતો પવન પણ ફૂંકાતા રાજકોટવાસીઓએ રીતસર અગનવર્ષાનો અનુભવ કર્યો હતો. હવામાન ખાતા દ્વારા આગામી સપ્તાહ સુધી ભારે ગરમી રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આવી જ રીતે હવામાન નિષ્ણાંતો દ્વારા પણ તા. ૨૯ એપ્રિલથી તા. ૫ મે સુધી સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતમાં પ્રિમોન્સુન એક્ટિવીટી સાથે ભારે ગરમી લૂ અને બફારો વધવાની સંભાવના વ્યક્ત કરી છે.

દરમિયાન મહાનગરપાલિકા દ્વારા આજે બપોરે એક વાગે જાહેર કરાયેલા રિપોર્ટ મુજબ ડિલક્સ ચોકમાં ૩૭.૬૪, રેસકોર્સ વિસ્તારમાં ૩૭.૧૩, મહિલા કોલેજ ચોકમાં ૩૮, જડુસ ચોકમાં ૩૭.૪૭, મોરબી રોડ પર ૪૧.૫૬, ગ્રીનલેન્ડ ચોક પાસે ૩૭.૮૧, દેવપરામાં ૩૭.૭૯, જિલ્લા પંચાયત ચોકમાં ૩૭.૭૮, અટિકામાં ૩૭.૭૩, રેલવે સ્ટેશનમાં ૩૮.૪૧, ત્રિકોણબાગમાં ૩૮.૪૨, આજીડેમ વિસ્તારમાં ૩૭.૮૮, આરએમસી સેન્ટ્રલ ઝોનમાં ૩૯.૮૯, જામ ટાવર વિસ્તારમાં ૩૮.૫૪, રામદેવપીર ચોકડીમાં ૩૬.૪૪, સોરઠીયાવાડીમાં ૩૭.૨૫, નાના મવામાં ૩૮.૦૯, અને પ્રદ્યુમન પાર્કમાં ૩૯.૫૫ ડીગ્રી તાપમાન નોંધાયું હતું

રાજકોટ મિરર તંત્રીની કલમે

# એમની હવા નીકળી ગઇ

## સોશિયલ મીડિયા કે તંત્રનો પાવર રાજનીતિમાં ન ચાલ્યો




રાજનીતિ એ કોઈ ગ્લેમર શો કે વહીવટી રોફ ઝાટપવાનું મેદાન નથી. આ એક એવું અખાડો છે જ્યાં જનતાનો મિજાજ સમજવો સૌથી અઘરો છે. તાજેતરના પરિણામોએ ફરી સાબિત કર્યું છે કે ડિજિટલ દુનિયાની લોકપ્રિયતા કે સરકારી હોદ્દાનો પાવર હંમેશા મતમાં પરિવર્તિત થતો નથી. જ્યારે આભાસી દુનિયા કે સત્તાના મદમાં લોકો સીધા રાજકારણમાં કૂદી પડે છે, ત્યારે ઘણીવાર પરિણામ ધાર્યા કરતાં વિપરીત આવે છે.

આર.જે. આભા જેવા સોશિયલ મીડિયા સ્ટાર્સ પાસે લાખોની સંખ્યામાં ફોલોઅર્સ હોય છે. સોશિયલ મીડિયા પર મળતી પલાઈક્સથ અને પકમેન્ટ્સથ ઘણીવાર નેતા બનવાનો ભ્રમ પેદા કરે છે. તેમને લાગે છે કે તેમના ત્રણ લાખ ફોલોઅર્સ તેમને જીતાડી દેશે. પરંતુ આ ફોલોઅર્સ અને મતદાર બંને અલગ હોય છે. ચૂંટણીના દિવસે આંકડા બદલાઈ જાય છે. મોબાઈલની સ્ક્રીન પર અંગૂઠો દબાવવો અને મતદાન મથક પર જઈને બટન દબાવવું એ બંનેમાં જમીન-આસમાનનો તફાવત છે. પ્રજા મનોરંજન આપનારને પ્રેમ આપે છે, પણ નેતા તરીકે તેને જ સ્વીકારે છે જે તેમની વચ્ચે રહીને પરસેવો પાડે છે.

બીજી તરફ મનોજ નિનામા જેવા આઈપીએસ અધિકારીઓનો કિસ્સો છે. પોલીસ દળમાં હોવાને કારણે તેમની પાસે સત્તા અને પાવર બંને હતા. આ પાવરના જોરે તેમને ભાજપ જેવી મોટી પાર્ટીની ટિકિટ પણ મળી ગઈ. વહીવટી તંત્રમાં આદેશ આપવાની આદત રાજકારણમાં કામ આવતી નથી. રાજકારણમાં આદેશ નહીં, વિનંતી અને સંપર્ક કામ આવે છે. જ્યારે પદનો પાવર બતાવીને મત માંગવા નીકળેલા અધિકારીઓને જનતા જાકારો આપે છે, ત્યારે ખરેખર તેમની પહવાથ નીકળી જાય છે. લોકો તેમને એક અધિકારી તરીકે માન આપે છે, પણ જનપ્રતિનિધિ તરીકે સ્વીકારતા નથી.

રાજકારણમાં સફળ થવા માટે ધૈર્ય અને પાયાની મહેનત જરૂરી છે. અહીં સીધો પલોચોથ લેવા આવનારાઓ મોટાભાગે પરાજિત થાય છે. રાજનીતિનો પોતાનો એક અલગ પઢઢ્ઢોથ છે. જે લોકોએ વર્ષો સુધી પાયાના કાર્યકર તરીકે કામ કર્યું હોય, તે જ જનતાની નાડ પારખી શકે છે. માત્ર પ્રખ્યાત હોવું કે ઉચ્ચ હોદ્દા પર હોવું એ રાજકીય લાયકાત નથી. જનતા સાથેનું જોડાણ અને ગ્રાસરુટ લેવલની સમજ જ વિજય અપાવે છે. આ કિસ્સાઓ એવા તમામ લોકો માટે બોધપાઠ છે જેઓ માને છે કે પોપ્યુલારિટી કે પાવર એ જ સત્તાની ચાવી છે. રાજનીતિમાં અંતે તો જનતા જ જનાર્દન છે.

# જો હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેશે તો પણ ભારતને કોઈ અસર થશે નહીં

## તેલ વેપારીઓ વચ્ચેના અણબનાવને ફાયદો થઈ શકે તેવી કુટ નીતિ ભારતે અપનાવી



નવીદિલ્હી, તા. ૨૯

હોર્મુઝ સ્ટ્રેટ કટોકટી વચ્ચે પેટ્રોલિયમ નિકાસ કરતા દેશો વચ્ચે વધી રહેલા મતભેદથી ભારતને નોંધપાત્ર ફાયદો થઈ શકે છે. OPEC અને OPEC+ માંથી ઞઅઊ ના ખસી જવાથી વૈશ્વિક તેલ પુરવઠા બજારમાં સ્પર્ધા વધશે, જેનો સીધો ફાયદો ભારત જેવા દેશોને થશે. ઈરાન યુદ્ધ દરમિયાન હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી ભારતના તેલ પુરવઠામાં થોડો ઘટાડો થયો હતો. OPEC માં આ મતભેદ હવે તે અછતને પૂર્ણ કરશે તેવી અપેક્ષા છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી ભારતના તેલ પુરવઠામાં સરેરાશ ૪૮૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસનો ઘટાડો થયો છે. ઈરાક જેવા દેશોમાંથી ભારતનો પુરવઠો લગભગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. આવી સ્થિતિમાં, OPEC નો આ મતભેદ ભારત માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

હોર્મુઝ સ્ટ્રેટ વિના, સાઉદી અરેબિયાએ ૧ એપ્રિલથી ૨૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી ભારતને ૬૯૭,૦૦૦ બેરલ પ્રતિ દિવસનો જથ્થો પૂરો પાડ્યો હતો. આ ૨૦૨૫-૨૬ માં સરેરાશ ૬૬૮,૦૦૦ બેરલ પ્રતિ દિવસ કરતા નોંધપાત્ર રીતે વધારે છે. સાઉદી અરેબિયાએ લાલ સમુદ્ર દ્વારા ભારતને તેલ વેચ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે બંધ હોવાથી, યુએઈએ આ સમયગાળા દરમિયાન દરરોજ ૬૧૯,૦૦૦ બેરલ તેલ સપ્લાય કર્યું. આ ૨૦૨૫-૨૬ ની સરેરાશ ૪૩૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ કરતા નોંધપાત્ર રીતે વધારે છે. યુએઈ ફુજૈરાહ દ્વારા તેલ સપ્લાય કરે છે. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી ઈરાકમાંથી તેલનો એકમાત્ર સ્રોત છે. ઈરાક સામાન્ય રીતે ભારતને દરરોજ સરેરાશ ૮૦૦,૦૦૦ બેરલ તેલ સપ્લાય કરે છે. હવે, આ સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે. હોર્મુઝ કટોકટી છતાં, ભારતને એપ્રિલમાં સરેરાશ ૪.૪ મિલિયન બેરલ પ્રતિ દિવસ તેલ મળ્યું. આ ૨૦૨૫-૨૬ ની સરેરાશ ૪.૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ કરતાં ઓછું છે. આનો અર્થ એ છે કે હોર્મુઝ નાકાબંધી ભારતના તેલ પુરવઠા પર ખાસ અસર કરી રહી નથી. જોકે, OPEC ના તૂટવાથી, ભારતનો પુરવઠો વધી શકે છે, કારણ કે ઞઅઊ હવે મુક્તપણે તેલનું ઉત્પાદન અને વેચાણ કરી શકશે. UAE અને ભારત વચ્ચેના સંબંધો ખૂબ સારા છે.

તાજેતરમાં, યુદ્ધવિરામની જાહેરાત પછી, ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે યુએઈની મુલાકાત લીધી હતી. યુદ્ધ દરમિયાન પણ, યુએઈએ તેનો તેલ પુરવઠો વધાર્યો હતો. ભારતે ઓમાનથી તેનો તેલ પુરવઠો વધાર્યો છે. ૨૦૨૫-૨૬માં, ઓમાનથી દરરોજ ફક્ત ૧૮,૦૦૦ બેરલ તેલ ખરીદવામાં આવતું હતું. હવે, આ સંખ્યા ૧૦૦,૦૦૦ ને વટાવી ગઈ છે. તેવી જ રીતે, વેનેઝુએલાથી તેલ ખરીદીમાં પણ વધારો થયો છે. અગાઉ, ભારત વેનેઝુએલાથી દરરોજ ૧૦,૦૦૦ બેરલ તેલ ખરીદતું હતું. હવે, આ આંકડો વધીને ૨૫૮,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થયો છે. વોલ સ્ટ્રીટ જર્નલે વ્હાઈટ હાઉસના સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પેન્ટાગોનના અધિકારીઓને હોર્મુઝની બાહ્ય સ્ટ્રેટને વધુ કડક રીતે અવરોધિત કરવાનો નિર્દેશ આપ્યો છે. અમેરિકાનો દાવો છે કે આ પગલું ઈરાનને પાછળ રાખવા માટે લેવામાં આવ્યું છે. દરમિયાન, ઈરાન અને અમેરિકા વચ્ચે વાટાઘાટો અટકી ગઈ છે. અમેરિકાએ ઈરાનની નવી શરતો સ્વીકારી નથી. હોર્મુઝ વિશ્વના ૨૦ ટકા તેલનો સપ્લાય કરે છે.

# બંગાળના બીજા તબક્કાના મતદાનમાં અશાંતિ

## ટીએમસી સભ્યો મારી નાખવાની અને ઘરમાં પ્રવેશવા ન દેવાની ધમકી આપી રહ્યા છે



નવીદિલ્હી, તા. ૨૯

પશ્ચિમ બંગાળમાં મતદાનના બીજા તબક્કા દરમિયાન અશાંતિ ચાલુ હતી. અનેક સ્થળોએ હિંસા અને અથડામણના અહેવાલો છે. ફાલતા વિધાનસભા મતવિસ્તારમાં, ટીએમસી પર ધાકધમકીનો આરોપ મૂકવામાં આવ્યો છે. અહીંના મતદારોનો દાવો છે કે ટીએમસી સભ્યો ધમકીઓ આપી રહ્યા છે. એક માતા અને પુત્રએ ફરિયાદ સાથે નિરીક્ષક અજય પાલ શર્માનો સંપર્ક કર્યો છે. તેમનો દાવો છે કે ટીએમસી સભ્યો તેમને મારી નાખવાની અને તેમના ઘરમાં પ્રવેશવા ન દેવાની ધમકી આપી રહ્યા છે. તેમણે જણાવ્યું છે કે મતદાન કર્યા પછી તેમને હત્યાની ધમકીઓ મળી રહી છે. ફાલતામાં મતદાન મથક નંબર ૨૦૪ પર આ મામલો છે. મતદાન કર્યા પછી, દિલીપ મંડલ અને તેમની માતાને તેમના ઘરમાં પ્રવેશ ન કરવાની અથવા મારી નાખવાની ધમકીઓ મળી રહી છે.

માતા અને પુત્રએ આ ફરિયાદ સાથે નિરીક્ષક અજય પાલ શર્માનો સંપર્ક કર્યો હતો. અજય પાલ શર્માએ તેમને સુરક્ષાની ખાતરી આપી છે. મતદાનના બીજા તબક્કા દરમિયાન, બંગાળના ઘણા વિસ્તારોમાં અશાંતિ ફાટી નીકળી છે. હિંસા અને બોમ્બ વિસ્ફોટોને રોકવા માટે ગઈઅ તૈનાત કરવામાં આવી છે. તેમ છતાં, હિંસા અને અથડામણના અહેવાલો ચાલુ છે. દક્ષિણ ૨૪ પરગણામાં ભાજપના ઉમેદવાર વિકાસ સરદાર પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમની કારમાં તોડફોડ કરવામાં આવી હતી. વિકાસ સરદારે કહ્યું, નસ્રતેઓએ મને માર માર્યો અને પજય બાંગ્લાથ ના નારા લગાવતા મને ગાળો આપી. અહીં કોઈ સુરક્ષા નથી. જો હું ઉમેદવાર તરીકે માફી, માફી, તો સામાન્ય લોકોને સુરક્ષા કેવી રીતે મળશે?સ્રસ્ર

ફાલ્ટાના બેલસિંગામાં બૂથ નંબર ૧૮૬ પર સુરક્ષા દળોએ લાઠીચાર્જ કર્યો. અહેવાલો અનુસાર, મતદાન મથકથી ૧૦૦ મીટરની અંદર ભીડ એકઠી થઈ ગઈ હતી. કેન્દ્રીય દળના જવાનોએ સુરક્ષા જાળવવા અને ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો. આ ઘટના બાદ, વિસ્તારમાં તણાવ ફેલાયો હતો. ફાલ્ટા ટીએમસી નેતા જહાંગીર ખાનનો મતવિસ્તાર છે.

દરમિયાન, હાવડાના બાલી વિધાનસભા મતવિસ્તારમાં મતદાન દરમિયાન તણાવ ફાટી નીકળ્યો જ્યારે ડોન બોસ્કો લીલુઆહ સહનાલાલ વિદ્યાલય મતદાન મથક પર ઊટખ મશીન ખરાબ થઈ ગયું. મશીને મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ પાડતા મતદારો ઉશ્કેરાઈ ગયા, જેના કારણે ઉગ્ર દલીલ થઈ. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે તૈનાત સુરક્ષા દળોએ લાઠીચાર્જ કરવો પડ્યો. બે લોકોની ધરપકડ કરવામાં આવી. બીજા તબક્કામાં ૧૪૨ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. ૨૩ એપ્રિલના રોજ પહેલા તબક્કામાં ૧૫૨ બેઠકો માટે મતદાન ૯૨ ટકાથી વધુ થયું હતું. આ બીજા તબક્કામાં ૧,૪૪૮ ઉમેદવારોનું ભાવિ દાવ પર છે.

# કાશ્મીરમાં ડ્રગ નેટવર્ક સામે કાર્યવાહી

## અનંતનાગમાં દાણચોરોની કરોડો રૂપિયાની ગેરકાયદેસર મિલકત તોડી પડાઈ



રાજકોટ, તા. ૨૯

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના કાશ્મીર ખીણમાં ડ્રગ નેટવર્ક અને તમામ પ્રકારની ડ્રગ હેરફેર સામે મોટી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જે હેઠળ ડ્રગ હેરફેર કરનારાઓની ગેરકાયદેસર મિલકતો તોડી પાડવામાં આવી રહી છે. જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર દ્વારા આટલી કડક કાર્યવાહી કરવામાં આવી છે, અને ખીણમાં બુલડોઝર તૈનાત કરવામાં આવી રહ્યા છે. ડ્રગ નેટવર્ક્સ સામે બુલડોઝર કાર્યવાહી અનંતનાગમાં શરૂ થઈ હતી, અને ભવિષ્યમાં અન્ય જિલ્લાઓમાં પણ વિસ્તરશે. આજે સવારે, અનંતનાગ પોલીસે, જિલ્લા વહીવટીતંત્ર સાથે મળીને, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ પર કરોડો રૂપિયાની ડ્રગ હેરફેર કરનારાઓની ગેરકાયદેસર મિલકતોને બુલડોઝરથી તોડી પાડી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી ડ્રગ નેટવર્ક્સ સામે ચાલી રહેલા અભિયાનના ભાગ રૂપે કરવામાં આવી હતી, જેમાં ગેરકાયદેસર ડ્રગ વેપાર દ્વારા મેળવેલી મિલકતોને લક્ષ્ય બનાવવામાં આવી હતી. તોડી પાડવામાં આવેલી ઈમારતોને ડ્રગ હેરફેરના પૈસાથી મેળવેલી મિલકતો તરીકે ઓળખવામાં આવી હતી. એક અધિકારીના જણાવ્યા અનુસાર, પોલીસ અને અધિકારીઓ દ્વારા સંયુક્ત કાર્યવાહી યોગ્ય કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવી હતી. તેનો હેતુ જિલ્લામાં ડ્રગ હેરફેર કરનારાઓના નાણાકીય નેટવર્કને તોડવાનો છે.

પોલીસે જનતાને આ ડ્રગ નેટવર્ક અને સમાજમાંથી તેના ફેલાવાના ખતરાને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં મદદ કરવા માટે સહયોગ અને માહિતી શેર કરવા અપીલ કરી છે. તાજેતરમાં જ, જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ જમ્મુ અને કાશ્મીરમાં ડ્રગ ડિ-એડિક્શન ઝુંબેશ શરૂ કરી હતી, અને ૧૦૦ દિવસમાં ડ્રગ નેટવર્કને નાબૂદ કરવાના સંકલ્પના ભાગ રૂપે, પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા ડ્રગ નેટવર્ક સામે આવી કડકતા જોવા મળી રહી છે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ કેન્દ્રશાસિત પ્રદેશમાં ડ્રગ ડિ-એડિક્શન ઝુંબેશ શરૂ કરી હતી, અને ૧૦૦ દિવસમાં ડ્રગ નેટવર્કને નાબૂદ કરવાના સંકલ્પના ભાગ રૂપે, પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા ડ્રગ નેટવર્ક સામે આવી કડકતા જોવા મળી રહી છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### નરસિંહ જનમ જયંતી! અધ્યાત્મની ઉંચાઈએ લઈ જતાં શબ્દ બ્રહ્મનાં સર્જકને કોટી કોટી વંદન.



આજે વૈશાખ સુદ ચૌદસે નૃસિંહ જયંતિ છે, પણ વૈશાખ સુદ પૂનમે બુદ્ધ અને નરસિંહ મહેતા બંનેની જયંતિ છે, પૂનમે બુદ્ધ વિશે વાત કરીશું પણ આજે નરસિંહ વિશે લખીશું. આખું વર્ષ પ્રાર્થનાંમાં લખ્યું, પણ મને અત્યંત પ્રિય એવાં નરસિંહનાં ઉજળા ચરિત્ર વિશે લખવાનું કેમ છોડી શકું! આમ તો આપડે ટૂંકા પડીએ! જેની સ્વયં શ્રીકૃષ્ણે શેઠ શામળશા બની સેવકાઈ સ્વીકારી હોય, એને વિશે આપણે શું કહી શકીએ? પણ થોડાં શબ્દ પુષ્પ એની માટે વાપરીને શબ્દ શુદ્ધિ અને ભાવ શુદ્ધિ કરી શકીએ તોય ઘણું. આમ તો નરસિંહે પોતાની ભક્તિની પરાકાષ્ઠાએ જે શબ્દ બ્રહ્મની રચના કરી, માત્ર એ શબ્દને પકડીએ તો પણ હરિ સુધી પહોંચી જવાય, એટલી સરળ અને સચોટને સહજ શબ્દ વાણી. મારાં મતે નરસિંહ એટલે, નર રુપે આવેલો એક એવો સિંહ કે જેણે સમય રુપી કાળને કોળિયો બનાવ્યો! અને કળિયુગમાં જન્મ થયો છતાં દ્વાપરમાં જેની આવનજાવન રહી! શબ્દ એ આકાશનું સંતાન છે, અને રીતે એમનાં શબ્દ બ્રહ્મ વિષ્ણુનો અવતાર!

નરસિંહનો જન્મ તળાજામાં થયો હતો પરંતુ તેની કર્મ ભૂમિ જુનાગઢ છે. આમ તો ઈતિહાસમાં નરસિંહના પરિવારનો બહુ ટૂંકો ઉલ્લેખ જોવાં મળે છે. કૃષ્ણ પ્રસાદ અને દયા કુંવરનાં પુત્ર તરીકે નરસિંહનો જન્મ તળાજામાં થયો હતો. તેઓ પાંચ વર્ષની ઉંમરનાં હતાં, ત્યારે જ તેનાં પિતા વીરગતિને પામ્યાં, અને ત્યારબાદ તેમની માતાનું પણ અવસાન થયું. એટલે તેના દાદી જયાગૌરી એ તેને ઉછેર્યા હતાં, અને છ વર્ષ સુધી તેઓ કંઈ બોલ્યા પણ નહોતાં. એક સિદ્ધ સંત તેના કાનમાં રાધે ગોવિંદ બોલ્યાં અને એમને કૃષ્ણ ભક્તિ આપી, ત્યાર પછી એ બોલવાં લાગ્યા. એમને એક મોટા ભાઈ ભાભી હતાં જે જૂનાગઢમાં રહેતા, જેમનું નામ વંશીધર હતું, અને એને ત્યાં એ રહેતા હતા. માણેકબાઇ નામની સંસ્કારી અને સુશીલ કન્યા સાથે તેમનાં લગ્ન થયાં અને ત્યારબાદ શામળશા અને કુંવરબાઈ નામે બે સંતાનો થયાં. પરંતુ આપણે સૌ જાણીએ છીએ તેમ નરસિંહ મહેતાએ આર્થિક ઉપાર્જન માટે કોઈ કાર્ય સ્વીકાર્યુ નહોતું, એટલે તેનાં મોટાં ભાઈએ તેમને બહુજ સતાવ્યા, છતાં તેમણે તેની સાથે ઝઘડો કર્યો નથી. માણેકબાઇ એ ક્યારેય કંઇ કહ્યું હોય તો પણ, મોટા છે તેને કહેવાનો અધિકાર છે, એવી વાત કરી વાતને વાળી લીધી હતી. એટલે કે પરિવારજનોમાં તે પરમાત્માના દર્શન કરતાં હતાં, અને એ રીતે તે જીંદગીભર જીવ્યા. જે મોટાભાઈએ તેનું અપમાન કરી કાઢી મુક્યાં હતાં, ઈશ્વરે દર્શન દીધા ત્યારે ભગવાન કૃષ્ણને તેણે થોભી જવા કહ્યુ હતું, અને કહ્યુ હતું કે હું મારા ભાઈને બોલાવી લાઉં, આવી વાતનો ઉલ્લેખ પણ ઈતિહાસમાં મળે છે. આ ઉપરાંત કુંવરબાઇના મામેરા અને શામળશાના વિવાહના પ્રસંગો પરથી પણ જાણી શકાય, કે તેમણે પરિવારમાં કે કુટુંબમાં પરસ્પર દેવો ભવની પ્રીત નિભાવી છે. રીતરિવાજ અને પરંપરાની એ સમયે પરાકાષ્ઠા હતી, અને પહેરામણીનો એક કુરિવાજ પણ હતો, જેને કારણે જે પહોંચી શકે નહીં તેને સતાવવામા આવતા. નાગરોમાં નરસિંહના જીવન પરથી શીખ લઈને આજે તો હવે કંકુ વેરે કન્યા પરણે છે. એટલે કે લેતીદેતીનાં કોઈ સંબંધોને નાગર જ્ઞાતિમાં મહત્વ આપવામાં આવતુ નથી, પણ હવે સુધરેલા સમાજમાં પાછાં હોંશ ને નામે વ્યવહાર શરૂ થયાં છે, જે દેખાદેખી કરાવે એવું દૂષણ છે.

નરસિંહનું મન તો રાધે ગોવિંદ એટલે કે કૃષ્ણ ચરિત્રમાં લાગી ગયું હતું, અને આ સંસાર તો તે આમજ નિભાવતા હતાં, અને તે ઇચ્છતા હતાં કે સમાજનો એક એક વ્યક્તિ સંસારમાં રહીને પણ પરમ તત્વને પામે, અને એનાં માટે થઈને તેણે વેદ વેદાંતને પોતાના પદમા ઉતાર્યા, એક એકથી ચડિયાતી રચનાઓ, શબ્દ બ્રહ્મની ઉપાસનાથી કે કૃષ્ણની ઉપાસના દ્વારા પ્રાપ્ત થઈ. આમ ખૂબ જ ઉત્તમ કહી શકાય એવી રચનાઓ તેમના નામે છે. સમાજ પણ બહુ વિચિત્ર માનસિકતા ધરાવતો હોય છે, જે તે વ્યક્તિ જીવીત હોય ત્યારે તેની નિંદા કરે, અને આજે નરસિંહ પર પીએચડી કરનારાં પણ કેટલાય છે, અને કરી ચૂકેલા પણ છે. તેણે ક્યારેય નાત-જાતનાં ભેદને મહત્વ આપ્યું નથી, અને એ સમયમાં પણ તે જ્ઞાતિજનો અને ઉચ્ચ વર્ણનાં લોકોનો વિરોધ હોવાં છતાં હરિજનવાસમાં જતાં, અને ત્યાં ભજન સંભળાવતાં. આ ઉપરાંત સમાજનું હિત જેમાં સમાયેલું હતું, એવું કાર્ય એટલે કે વર્ણભેદ નીતિનું ઉલંઘન તેણે કર્યું. આટલી સદીઓ પહેલાં કે જ્યારે વર્ણભેદને ખૂબ જ મહત્વ આપવામાં આવતું, ત્યારે તેણે સૌને સરખા સમજી એનામાં ઈશ્વરનાં દર્શન કર્યા. સચરાચર સૃષ્ટિમાં પરમ ચૈતન્ય ચિદ વિલાસ કરી રહ્યું છે, તેનો સાક્ષાત્કાર તેમને થયેલો હશે, અને એટલે જ એ શબ્દાનુભૂતિની પ્રતીતિ રૂપે, એમણે અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિની રચના કરી, અને સ્પષ્ટપણે લખ્યું પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા, વૃક્ષમાં ફાલી રહ્યો એ આકાશે. આ ઉપરાંત બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે, જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ખેલ ભાસે, પ્રેમરસ પાને મોરના પિચ્છધર તત્વનું ટૂંપણું તુચ્છ લાગે, એવા અદભૂત પ્રાકૃતિક રીતે પરસ્પર દેવો ભવને સિદ્ધ કરનારી રચનાઓ લખી, અને આવું લખવું એ નરસિંહના જીવનમાં માત્ર કોઈ કલ્પના નહોતી! એણે એ રીતે પરમાત્માને અનુભવ્યો હતો. જે તે સમયના વર્તમાન સમયમાં પણ જો એ ભૂતકાળમાં જઈને કૃષ્ણ ચરિત્ર સાથે રાસલીલા કરતા હોય, અને એના શૃંગાર રસના પદ રચી કૃષ્ણ સાથે રસ ક્રિડા કરી શકતા હોય, તો એ સમયનાં વર્તમાનમાં તે સૌમાં પરમાત્મ તત્વનાં દર્શન કરે, એ કોઈ ચમત્કારની વાત નથી લાગતી. નરસિંહનાં જીવનનાં એક મહત્વનો પ્રસંગ જે આજે પણ ખૂબ પ્રસિદ્ધ છે, એ છે એમનાં પિતાનાં શ્રાદ્ધનો પ્રસંગ. ભગવાન શ્રી કૃષ્ણએ અદભૂત એશ્વર્ય બતાવી ભક્તનું એ કાર્ય સંપન્ન કર્યું. ઈશ્વરે ભક્તના પદ ને આટલી મોટાઈ આપી, છતાં સમાજે એને સતાવવાનુ છોડ્યું નહીં! ત્યારે નરસિંહનાં જ એક પદ નાગ દમનની એક પંક્તિનો આશ્રય કરી આપણે એની માફી માંગીએ તો કદાચ ભૂતકાળની એ ભૂલનો પશ્ચાતાપ થઈ શકે! અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને! આમ અસ્તિત્વની એક વ્યવસ્થા રુપે આવેલાં અને યુગોયુગો સુધી સમાજને જગાડવા માટે પર્યાપ્ત એવાં પદ આપનાર નરસિંહ એટલે નરસિંહ! બસ.. નાગરોનું નામ જગવિખ્યાત કરનારા નરસિંહ મહેતા પોતાના જીવનકાળ દરમિયાન સૌમાં પરમાત્મા વસે છે,અને સમાજમાં વસતાં સૌને જીવન જીવવાનો સમાન અધિકાર મળવો જોઈએ એવું માનનારા હતાં. એટલે એમ કહી શકાય કે ગાંધીજી પહેલા નરસિંહ મહેતા એ રામરાજ્ય સ્થાપાય એનું સ્વપન જોયું હતું, અને સાથે સાથે પહેલ પણ કરી હતી. ગુજરાતી ભાષાનાં પ્રથમ કવિ હતાં, એટલે જ તેને આદિકવિની ઉપલબ્ધિ પણ મળી છે. તેમનું વૈષ્ણવજન નામનું પદ ગાંધીજીને ખૂબ પ્રિય હતું, અને તેમણે તેનો નિત્ય પ્રાર્થનામાં સમાવેશ કર્યો હતો, એ કારણે જ વૈશ્નવ જન તો તેને રે કહીએ,એ વિશ્વ વિખ્યાત બન્યું હતું. નાગરોની પહેલા અન્ય કોઈ મૂર્તિ પૂજા હતી નહીં, તેઓની વૈદિક પૂજા જ હતી, એટલે કે શાસ્ત્રાર્થ કરવો,અને એ ગહન શાસ્ત્રને સરળ બનાવીને એ શાસ્ત્રને લોકોપયોગી બનાવવા આ કામ નરસિંહ એ કર્યું. તો આજે આપણે નરસિંહ જયંતિ નિમિત્તે ભગવાન હાટકેશ્વર દાદા પાસે સંકલ્પ કરીએ કે, આપણે આપણા વૈદિક સંસ્કારો મુજબ જીવીશું, અને સમાજને ઉપયોગી થાય એવા કર્મ કરીશું. આ ઉપરાંત નરસિંહ મહેતા જેમ સૌમાં પરમાત્મા તત્વ રહેલું છે, એ સત્ય સ્વીકારી સૌ સાથે સૌમ્ય ને મિતભાષી વ્યવહાર કરીને, એને અપનાવીએ.જય હાટકેશ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### રાજીવ ગાંધીની હત્યાના દોષી તરીકે ૩૧ વર્ષ જેલમાં રહ્યા બાદ

# એ.જી.પેરારિવલન બન્યા હાઈકોર્ટના વકીલ

## સોળ વર્ષની બાળાના આપઘાત મામલે રહસ્યઃ બીજી ઘટનામાં સંતાન સુખ મામલે પતિનો ત્રાસઃ પત્નિને તરછોડી પતિ વિદેશ ભાગી ગયો

નવી દિલ્હી, તા,૨૯

ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધી હત્યાકાંડમાં દોષિત ઠેરવવામાં આવેલા એજી પેરારિવલનને ૩૧ વર્ષની જેલની સજા બાદ ૨૦૨૨ માં મુક્ત કરવામાં આવ્યા હતા, તેમણે મદ્રાસ હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલ તરીકે એક નવો અધ્યાય શરૂ કર્યો છે.

ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધી હત્યાકાંડમાં દોષિત ઠેરવવામાં આવેલા એજી પેરારિવલનને જ્યારે જેલમાંથી સ્વતંત્રતા આવી ત્યારે તેનો અર્થ ફક્ત જેલની બહાર પગ મૂકવાનો ન હતો. તેનો અર્થ ફરીથી જીવનની શરૂઆત કરવાનો હતો. રાજીવ ગાંધી હત્યા કેસમાં દોષિત ઠેરવાયેલા એજી પેરારિવલન માટે, તે નવી શરૂઆત હવે તમિલનાડુના કોર્ટરૂમમાં છે. ૨૦૨૨ માં માફી પર મુક્ત થયા પછી, પેરારિવલન બેંગલુરુની ડો. બીઆર આંબેડકર લો કોલેજમાં કાયદાનો અભ્યાસ કરવા ગયા અને ૨૦૨૫ માં ઓલ-ઈન્ડિયા બાર પરીક્ષા પાસ કરી, અને હવે તે વકીલ બન્યા છે.

જે કાયદાકીય વ્યવસ્થામાં પેરારિવલને આરોપી અને દોષિત તરીકે પોતાના જીવનના ૩૧ વર્ષ વિતાવ્યા હતા, તે જ કાનૂની વ્યવસ્થા હવે મદ્રાસ હાઈકોર્ટમાં વકીલ તરીકે પ્રેક્ટિસ કરશે. તેઓ ૫૪ વર્ષના છે. સોમવારે કાળા વકીલનો ગાઉન પહેરીને, તેમણે તમિલનાડુ અને પુડુચેરીના બાર એસોસિએશનમાં વકીલ તરીકે નોંધણી કરાવી હતી. પેરારિવલન કહે છે કે તેમનો હેતુ ખોટી રીતે અટકાયત, ન્યાયમાં વિલંબ અને કેદીઓના અધિકારો સાથે સંકળાયેલા કેસ પર કામ કરવાનો છે. જે કેદીઓને ઘણીવાર અસરકારક પ્રતિનિધિત્વની સુવિધાનો અભાવ હોય છે તેમને કાનૂની સહાય પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

મદ્રાસ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુશ્રુત અરવિંદ ધર્માધિકારી પેરારિવલનના નોંધણી સમારોહમાં હાજરી આપી હતી. તમિલનાડુ અને પુડુચેરીના બાર કાઉન્સિલના અધ્યક્ષ, પી. એસ. અમલરાજ અને ઉપાધ્યક્ષ એસ. પ્રભાકરણે ભાગ લીધો હતો. એડવોકેટ સી. કે. ચંદ્રશેખરએ નોંધણી પ્રસ્તાવ રજૂ કર્યો હતો જ્યારે નોંધણી સમિતિના અધ્યક્ષ, કે. બાલુએ શપથ લેવડાવ્યા હતા.



મદ્રાસ હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલ તરીકે એક નવો અધ્યાય શરૂ

૧૯૯૧માં ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની હત્યાના સંદર્ભમાં જ્યારે પેરારિવલનની ધરપકડ કરવામાં આવી ત્યારે તે માત્ર ૧૯ વર્ષના હતા. આ હત્યા આતંકવાદી સંગઠન લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ (કળઝઊ) દ્વારા કરવામાં આવી હતી. પેરારિવલનને તેમના ઘરેથી ટૂંકી પૂછપરછ માટે લઈ જવામાં આવ્યો હતો, તેમના પરિવારને ખાતરી આપવામાં આવી હતી કે તે બીજા દિવસે પાછો આવશે. આ શબ્દો પર વિશ્વાસ કરીને, તેમના માતાપિતાએ પોતે જ તેમને પોલીસને સોંપી દીધા. પરંતુ તેમને મુક્ત કરવામાં આવ્યા ન હતા. તેના બદલે, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (ઈઈઈ) એ તેમને કસ્ટડીમાં રાખ્યા હતા, તેમની માતાને પણ તેમને મળવાની મંજૂરી આપી ન હતી.

પરિવારને હેબિયસ કોર્પસ અરજી દાખલ કરવાનો ડર હતો અને તેઓ માનતા હતા કે તેમનો પુત્ર ટૂંક સમયમાં મુક્ત થઈ જશે, અને ન્યાય વ્યવસ્થા કોઈ નિર્દોષ વ્યક્તિને સજા નહીં આપે. પેરારિવલન સામે આરોપ એ હતો કે તેણે રાજીવ ગાંધીની હત્યા કરનારા બોમ્બ વિસ્ફોટ માટે ઉપયોગમાં લેવાતી નવ વોલ્ટની બેટરી ખરીદી અને સપ્લાય કરી હતી. અને આ આરોપના પુરાવા એક દુકાનદાર દ્વારા આપવામાં આવ્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે પેરારિવલન તેની દુકાનમાંથી બેટરી ખરીદે છે. આતંકવાદી અને વિક્ષેપકારક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (ટાડા) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

૧૯૯૮ માં, ટાડા કોર્ટે પેરારિવલન અને અન્ય લોકોને હત્યાના કાવતરાના આરોપી તરીકે દોષિત ઠેરવ્યા હતા. શરૂઆતમાં તેમને કોર્ટે મૃત્યુદંડની સજા ફટકારી હતી. ૧૯૯૯માં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો માન્ય રાખ્યો હતો. ભારત સરકાર દ્વારા તેમની દયા અરજી પર નિર્ણય લેવામાં ૧૧ વર્ષનો વિલંબ થવાને કારણે ૨૦૧૪ માં સુપ્રીમ કોર્ટે તેમની મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી હતી.

પેરારિવલનના પરિવાર દ્વારા વર્ષો સુધી ચાલેલી કાનૂની લડાઈ પછી, સુપ્રીમ કોર્ટે ૧૮ મે, ૨૦૨૨ ના રોજ પેરારિવલનને હત્યા કેસમાં ૩૧ વર્ષ જેલમાં વિતાવ્યા બાદ કલમ ૧૪૨ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

પેરારિવલન મુક્તિ પછી વકીલ કેવી રીતે બન્યા?

પેરારિવલને તેમની કેદને તેમની શૈક્ષણિક આકાંક્ષાઓ વચ્ચે અવરોધ બનવા દીધી નહીં. જેલમાં રહીને, તેમણે તેમનું શિક્ષણ ચાલુ રાખ્યું. તમિલનાડુ ઓપન યુનિવર્સિટી દ્વારા આયોજિત ડિપ્લોમા કોર્ષમાં ટોચનું સ્થાન મેળવીને તેમણે ગોલ્ડ મેડલ મેળવ્યો. તેમણે પ્લસ ટુ પરીક્ષામાં પણ પ્રથમ ક્રમ મેળવ્યો, ૧,૨૦૦ માંથી ૧,૦૯૬ ગુણ મેળવ્યા. સેન્ટ્રલ જેલમાં તેમના કારાવાસ દરમિયાન, તેમણે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર એપ્લિકેશન્સમાં સ્નાતકની ડિગ્રી અને કમ્પ્યુટર એપ્લિકેશન્સમાં માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી, સાથે સાથે સાત વધારાના ડિપ્લોમા અભ્યાસક્રમો પૂર્ણ કર્યા. જ્યારે તેઓ મૃત્યુદંડનો સામનો કરી રહ્યા હતા.

૨૦૨૨ માં છૂટ્યા પછી, પેરારિવલન બેંગલુરુમાં ડો. બીઆર આંબેડકર લો કોલેજમાં જોડાયા અને તેમની ડિગ્રી પૂર્ણ કરી. બાદમાં, તેમણે ૨૦૨૫ માં ઓલ-ઈન્ડિયા બાર પરીક્ષા પાસ કરી. તેમણે કહ્યું કે, નસ્ત્રમારી મહત્વાકાંક્ષા પ્રખ્યાત ફોજદારી વકીલ બનવાની નથી, પરંતુ જેલના સળિયા પાછળ રહેલા હજારો કેદીઓ માટે અવાજ બનવાની છે જેમને કોઈ કાનૂની સહાય નથી. ખાસ કરીને ગરીબ આજીવન કેદીઓને અકાળ મુક્તિની રાહ જોતા, ન્યાયનો ઇનકાર ફક્ત એટલા માટે કરવામાં આવ્યો કારણ કે તેઓ મદદ મેળવી શકતા નથી..

પેરારિવલનની જેલની સફર પૂર્ણ થઈ ગઈ છે, હવે તેઓ ન્યાયની રાહ જોઈ રહેલા કેદીઓને મદદ કરવા માટે કોર્ટરૂમમાં પ્રવેશ કર્યો છે.

# ચાર વિદેશી સહિત ૧૬ શખ્સ ૩૬ કરોડના ડ્રગ્સ સાથે ઝડપાયા

## સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસ ટીમોને મળી સફળતા



બેંગલુરું, તા.૨૯

કર્ણાટકની રાજધાની અને આઈટી હબ ગણાતા બેંગલુરુમાં પોલીસે ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં પોલીસે ૧૬ ડ્રગ પેડલર્સની ધરપકડ કરી છે અને તેમની પાસેથી આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજે ૩૬.૬૭ કરોડનું માદક દ્રવ્યોનું નેટવર્ક તોડી પાડ્યું છે. પકડાયેલા શખસોમાં વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે, જે આ રેકેટના આંતરરાષ્ટ્રીય છેડા તરફ ઈશારો કરે છે.

સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસ ટીમોએ આ દરોડા પાડ્યા હતા. પકડાયેલા ૧૬ આરોપીઓ પૈકી ૪ વિદેશી નાગરિકો છે, જ્યારે ૮ આરોપીઓ અન્ય રાજ્યોના અને ૪ સ્થાનિક રહેવાસીઓ છે. આ ટોળકી વિદેશ અને અન્ય રાજ્યોમાંથી સસ્તા ભાવે ડ્રગ્સ મંગાવી બેંગલુરુના યુવાનો અને કોલેજિયનોને મોંઘા ભાવે વેચતી હતી.

પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આ નેટવર્ક ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને નિશાન બનાવીને ઝડપથી ગેરકાયદે નફો કમાવવા માટે સક્રિય હતું. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ ગઉડ્જ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને કોર્ટે તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

કર્ણાટક સરકારે સ્પષ્ટ કર્યું છે કે, ડ્રગ્સના વેપાર સામે પઝીરો ટોલરન્સથની નીતિ અપનાવવામાં આવશે. પોલીસ હવે આ ડ્રગ્સનો પુરવઠો ક્યાંથી આવતો હતો અને તેના મુખ્ય હેન્ડલર્સ કોણ છે તે દિશામાં તપાસ કરી રહી છે. બેંગલુરુ પોલીસે જનતાને પણ અપીલ કરી છે કે જો કોઈને પણ ડ્રગ્સ વિશે માહિતી હોય તો હેલ્પલાઈન નંબર ૧૧૨ અથવા ૧૯૨૨ પર ગુપ્ત રીતે જાણ કરે.

### ૩૬.૬૭ કરોડનો મુદ્દામાલ જપ્ત

દરોડા દરમિયાન પોલીસે જપ્ત કરેલા ડ્રગ્સમાં **MDMA**: ૯.૬૪ કિલોગ્રામ, **LSD** સ્ટ્રીપ્સઃ ૧૯,૭૫૫ નંગ, હાઈડ્રો ગાંજોઃ ૫.૧૯૫ કિલોગ્રામ, હેરોઈનઃ ૧૫૬ ગ્રામ, કોકેઈનઃ ૩૩૨ ગ્રામ તેમજ ચરસ, ગંજી, અને ડ્રગ-ઇન્ફ્યુઝ્ડ ગમીઝ (નશીલી ચોકલેટ)નો સમાવેશ થાય છે.

### એક બહેનના એકના એક ભાઈના મોતથી પરપ્રાંતિય પરિવારમાં શોક : નશેડી શખ્સોનો નેપાળી યુવાન પર હુમલો

# પાણીની કુંડીમાં ડૂબી જતા બાળકનું મોત

રાજકોટ, તા.૨૯

શહેરની ભાગોળે આણંદપર (બાધી) ગામે વાડીમાં રમતા-રમતા ૩ વર્ષનો બાળક પાણીની કુંડીમાં પડી જતાં ડૂબી ગયો હતો. એક બહેનના એકના એક ભાઈના મોતથી પરપ્રાંતિય પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ, મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ રાજકોટની ભાગોળે મોરબી રોડ પર આવેલા આણંદપર (બાધી) ગામે ભરતભાઈની વાડીમાં રહી મજુરી કામ કરતાં બહાદુર શેરીયરનો ત્રણ વર્ષનો પુત્ર પ્રિન્સ આજે સવારે વાડીએ રમતો હતો ત્યારે રમતા રમતા વાડીમાં આવેલી પાણીની કુંડીમાં પડી જતાં ડૂબી જવાથી બાળકનું મોત નિપજ્યું હતું.

આ અંગે બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક પ્રિન્સ એકની એક બહેનનો નાનો ભાઈ હતો. માસુમ બાળકનાં મોતથી પરપ્રાંતિય પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

નસેડી શખ્સોનો હુમલો

પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ સાધુ વાસવાણી રોડ ઉપર ગોપાલ ચોકમાં આવેલી સોમનાથ સોસાયટીમાં રહેતા અજય તેજબહાદુર ઠાકર નામનો ૨૦ વર્ષનો નેપાળી યુવાન રાત્રીના અઢી વાગ્યાના અરસામાં પોતાના મિત્રને મળવા જઈ રહ્યો હતો ત્યારે યુનિવર્સીટી રોડ પર આવેલી કિડની હોસ્પિટલ પાસે અજાણ્યા શખ્સોએ ધોકા વડે માર મારી હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં અજય ઠાકર મૂળ નેપાળનો વતની છે. અને રાત્રીના સમયે મિત્રને મળવા જતો હતો. ત્યારે અજાણ્યા વ્યક્તિ સાથે ત્રણથી ચાર શખ્સો દારૂના નશામાં ઝઘડો કરતા હતા. જે ઝઘડામાં વચ્ચે પડેલા અજય ઠાકર ઉપર નશાખોર શખ્સોએ હુમલો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજસ્થાનનો બૂટલેગર પાસા તળે અમદાવાદ જેલમાં

### પોલીસ કમિશનરના આદેશથી ક્રાઈમ બ્રાંચની ટીમે વોરન્ટની બજવણી કરી



રાજકોટ,તા.૨૯

છાપેલા કાટલાઓને જેલ ભેગા કરવાની પોલીસ કમિશનરની ઝુંબેશ આગળ વધી છે. વધુ એકને પાસાના શસ્ત્ર થકી જેલમાં મોકલ્યો છે. શહેરના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ વધુ એક શખ્સને પાસા તળે જેલમાં મોકલી દીધો છે. શૈલેન્દ્ર ઉર્ફે મુકેશ ઉર્ફે ઢોલુ પુરખારામ ગોદારા નામનો બત્રીસ વર્ષનો શખ્સ મુળ રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના ટીબી તાલુકાના ગામનો વતની છે.

આ શખ્સ વિરૂધ્ધ રાજકોટ ડીસીબી પોલીસમા તેજમ અગાઉ બગોદરા, રાજકોટ ગ્રામ્ય વિંછીયા, રાજકોટ શહેર એરપોર્ટ પોલીસમાં દારૂના ગુના નોંધાયા હતા. એડિશનલ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશનર ક્રાઇમ જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશનર ક્રાઈમ ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દરખાસ્ત તેયાર કરાઇ હતી. જે પોલીસ કમિશનર દ્વારા મંજુર થઇ હતી અને આ શખ્સને અમદાવાદ જેલમાં મોકલી દેવાયો હતો.

પાસા વોરન્ટ બજવણીની આ કામગીરી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર.ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ.જાદવ તથા એએસઆઇ ભરતભાઇ વનાણી, ઘનશ્યામભાઇ મેણીયા, પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રદીપસિંહ જાડેજા, પોલીસ કોન્સ્ટેબલ પોપટભાઇ ગમારા તથા ડ્રાઇવર રામશીભાઇ સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# ટોલનાકે દાદાગીરી કરનાર કાર ચાલક પકડાયો

## પોલીસે પાઠ ભણાવી, ટોલ નાકે લઇ જઈને જાહેરમાં મંગાવી માફી








રાજકોટ, તા.૨૯

રાજકોટ ગ્રામ્યમાં કાયદો અને વ્યવસ્થાનું શાસન છે, દાદાગીરીનું નહીં - તેવો સ્પષ્ટ સંદેશ પોલીસે આપ્યો છે. જેતપુર નજીક પીઠડિયા ટોલનાકે સામાન્ય બાબતમાં ટોલ કર્મચારી પર જીવલેણ હુમલો કરનાર સ્કોર્પિયો ચાલક રબારીકાના વિપુલ કાઠીની વીરપુર પોલીસે ધરપકડ કરી છે. ગુનેગારોમાં કાયદાનો ડર બેસે તે હેતુથી પોલીસે આરોપીનું જાહેરમાં સરઘસ કાઢી, ઘટનાસ્થળે રિ-કન્સ્ટ્રક્શન કરાવી માફી મંગાવી હતી.

વીરપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા પીઠડિયા ટોલ પ્લાઝા પરથી પસાર થતી સ્કોર્પિયો ગાડીના ચાલક અને ટોલ કર્મચારી વચ્ચે ટેક્સ ભરવા જેવી સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. ઉશ્કેરાયેલા ચાલક વિપુલ કાઠીએ કર્મચારી પર હિંસક હુમલો કર્યો હતો. આ સમગ્ર ઘટના ઈઈઝટમાં કેદ થઈ હતી અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ઘટનાની ગંભીરતા જોઈ રાજકોટ ગ્રામ્ય પોલીસ તાત્કાલિક એક્શન મોડમાં આવી હતી.

વીરપુર પોલીસે આ મામલે માત્ર મારપીટ નહીં, પરંતુ પખૂનની કોશિશથ જેવી ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરીને ગણતરીના કલાકોમાં આરોપીને દબોચી લીધો હતો. પોલીસે આરોપી વિપુલ કાઠીને સાથે રાખીને પીઠડિયા ટોલનાકા તેમજ આસપાસના વિસ્તારોમાં રિકન્સ્ટ્રક્શન પંચનામું હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન પોલીસે આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ તેનું સરઘસ કાઢ્યું હતું. ટોલનાકે જે કર્મચારી પર દાદાગીરી કરી હતી, તેની જ સામે અને જાહેરમાં આરોપી પાસે માફી મંગાવવામાં આવી હતી. પોલીસ હવે આરોપીના અન્ય ગુનાહિત ઈતિહાસની પણ તપાસ કરી રહી છે. જે રીતે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી અને આરોપીની શાન ઠેકાણે લાવી દીધી, તેનાથી સ્થાનિકોમાં પોલીસ પ્રત્યેનો વિશ્વાસ વધ્યો છે. સોશિયલ મીડિયા પર પણ પોલીસના આ પસિંઘમથ અવતારની પ્રશંસા થઈ રહી છે.

### રોજબરોજ શહેરમાં કોઇને કોઇ વાહનોની ટક્કર થાય છેઃ વધુ એક વખત સીટી બસ છીંડે ચડી

# અતિ ગતિ સાથે સીટી બસની ટક્કરે સ્કૂલવેન ઉંધી

## બસની ઝડપ વધુ હતી એવી વાતો વહેતી થઇ પછી સીસીટીવીમાં સામે આવ્યું કે વેનવાળાને કદાચ ઉતાવળ હતીઃ સદ્દનસિબે બાર બાળકો બચી ગયા













રાજકોટ,તા.૨૯

રંગીલા શહેર રાજકોટમાં રોજબરોજ કોઇને કોઇ રસ્તા પર કે પછી શેરી ગલીમાં વાહન અકસ્માત સર્જાય છે. ઘણીવાર વાહનચાલકો એક બીજાની માફી માંગી આગળ વધી જાય છે. તો ઘણીવાર વાહન અથડાવાને કારણે મારામારી થઇ જાય છે. આવા અકસ્માતમાં ક્યારેક ઇજાઓ થાય છે તો ક્યારેક કોઇનો જીવ જાય છે. સીટી બસના ચાલકો બેફામ બની બસ હંકારે છે તેવી ફરિયાદો વચ્ચે મોટી ટાંકી ચોકમાં સીટી બસની ટક્કર લાગતાં સ્કૂલ વેન ઉંધી વળી જતાં અંદર બેઠેલા શાળાના બાર ભુલકાઓમાં ચીસાચીસ થઇ ગઇ હતી. એકઠા થયેલા લોકોએ પહેલા તો બસની સ્પીડ બેફામ હોવાનો ઉકળાટ ઠાલવ્યો હતો. પણ પછી સીસીટીવી ફુટેજ સામે આવ્યા તેમાં દખોયુ હતું કે સ્કૂલ વેનવાળાને જ કદાચ ઉતાવળ હતી. જો બસવાળાએ તત્કાળ બ્રેક ન મારી હોત તો વેનનો વધુ બૂકડો બોલી ગયો હતો. વાંક બસવાળાનો હતો કે વેનવાળાનો એ પછી નક્કી થશે પણ હાલ તો સીટી બસ વધુ એક વાર છીંડે ચડી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં અવાર-નવાર સીટી બસની ઠોકરે ટુવ્હીલર સહિતના વાહનો ચડી જતાં હોવાના બનાવ બને છે. અવાર-નવાર લોકો સીટી બસની બેફામ સ્પીડ મામલે ફરિયાદ કરતાં જોવા મળે છે. દરમિયાન આજે સવારના પ્હોરમાં મોટી ટાંકી ચોકમાં સીટી બસના ચાલકે સ્કૂલ વેનને ઉલાળી દેતાં વેન પલ્ટી મારી ગઇ હતી. જેમાં બાર જેટલા છાત્રો-ભુલકાઓ હોઇ ચીસાચીસ કરી મુકી હતી અને ભયભીત થઇ ગયા હતાં. બનાવને પગલે નજીકમાં જ યશ મેડીકલ સ્ટોર ધરાવતાં પિયુષભાઇ સહિતના વેપારીઓ, બીજા રાહદારીઓ દોડી ગયા હતાં અને પલ્ટી ખાઇ ગયેલી વેનને ઉભી કરી બાળકોને, ચાલકને બહાર કાઢ્યા હતાં. ત

મામને હોસ્પિટલે લઇ જવાયા હતાં. જો કે એક બાળકને સામાન્ય ઇજા હોઇ પ્રાથમિક સારવાર અપાઇ હતી. બાદમાં બાળકો ડરી ગયા હોઇ તમામને તેમના ઘરે મોકલી દેવામાં આવ્યા હતાં. આ વેનમાં કોટક સ્કૂલના બાળકો હતાં. અકસ્માત સર્જાયા બાદ બસ મુકી ચાલક ભાગી ગયો હતો. અકસ્માતને કારણે વેનમાં ભારે નુકસાની થઇ હતી, ઉપરનું કેરીયર પણ નીકળીને રોડ પર આવી ગયુ હતું. સદ્દનસિબે બાળકોને ઇજાઓ થઇ નહોતી. લોકોના કહેવા મુજબ બસની સ્પીડ વધારે હતી. વેન મોટી ટાંકીથી રાજકુમાર કોલેજવાળા રોડ પર જતી હતી અને બસ લીમડા ચોક તરફથી આવી રહી હતી.

ઘટના સ્થળે એકઠા થયેલા લોકોએ એવો ઉકળાટ ઠાલવ્યો હતો કે બેટરીવાળી બસના ચાલકો બંબાટ સ્પીડથી બસ હંકારે છે. વળી બેટરી હોવાને કારણે બસનો અવાજ પણ બીજા વાહનવાળાને સંભળાતો નથી. આ બસની સ્પીડ લીમીટ નક્કી કરવી જોઇએ. બસના ચાલકે અકસ્માત સર્જ્યો હતો અને ભાગી ગયો હતો. જો કે બીજી તરફ સીસીટીવી ફુટેજ સામે આવતાં તેમાં બસ તેની યોગ્ય ઝડપમાં હોવાનું અને વેનચાલક વધુ ઉતાવળથી નીકળી જવાના પ્રયાસમાં બસની ટક્કર ખાઇ બેઠો હોય તેવુ જણાયું હતું. ઝડપ કોની વધુ હતી એ અહિં બાજુ પર મુકીએ, પણ એ વાત નક્કી છે કે સીટી બસની ઝડપને લઇને વધુ એક વખત માછલા ધોવાયા છે. સદ્દનસિબે વેનમાં બેઠેલા બાર ભુલકાઓ કે જે ભણવા માટે જતાં હતાં તેનો ચમત્કારીક બચાવ થયો હતો.

જો બસ ચાલકે ખરા સમયે બ્રેક ન લગાવી હોત કે પછી તેનાથી બ્રેક લાગીન હોત તો ગંભીર દુર્ઘટના સર્જાઇ ગઇ હોત તેમ નજરે જોનારા કહેતાં હતાં. આ બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં અને થોડીવાર ટ્રાફિક જામ થઇ ગયો હતો.

# ભૂપેન્દ્ર રોડની હોટેલમાંથી ડમડમ હાલતમાં યુવતિ સહિત ત્રણ પકડાયા

## મેનેજર સામે પણ જાહેરનામા ભંગનો ગુનોઃ સરદારનગરમાં પ્રસંગમાં આવેલા ચાર મહેમાનો દારૂ પીધેલા મળ્યા

રાજકોટ,તા.૨૯

શહેરના ભૂપેન્દ્ર રોડ પર આવેલી હોટેલમાં બે શખ્સ અને એક યુવતિ સહિત ત્રણ દારૂ પીધેલા મળતાં પોલીસે કાર્યવાહી કરી હતી. તો બીજી તરફ સરદારનગરમાં એક એપાર્ટમેન્ટમાં બાલ મોવાળાના પ્રસંગમાં આવેલા ચાર શખ્સો દારૂ પીધેલા પકડાઇ ગયા હતાં.

વિગતો જોઇએ તો એ-ડિવિઝન પોલીસ મથકના પીએસઆઇ એસ.એન.રાણા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઇ પરમાર, કનુભાઈ બસીયા અને કોન્સ્ટેબલ ધર્મેશભાઇ ખાંડેખાને ભુપેન્દ્ર રોડ ઉપર આવેલ ઉપાસના હોટલના રૂમ નં.૧૦૨માં દારૂની મહેફીલ ચાલે છે તેવી બાતમી મળતાં ત્યાં જઇ તપાસ કરતાં બે શખ્સ રૂમમાં દારૂ પીતા મળી આવ્યા હતાં. પુછતાછમાં પોતાના નામ કેતન ખોડા ભાઇ સોલંકી (ઉ.વ.૪૭) અને સાથેના શખ્સે પોતાનુ નામ હીરેન ખોડાભાઇ સોલંકી (ઉ.વ.૪૦), (રહે.બંને સરીતા વીહાર સોસાયટી પ્રેમ મંદીર પાસે એ.જી.ચોક, યુનીવર્સીટી રોડ) હોવાનુ થોથરાતી જીભે જણાવ્યું હતું.

બંને શખ્સોને પીધેલી હાલતમાં પકડી લઈગુનો નોંધ્યો હતો. તેમજ પીએસઆઇ એચ. એન. જેઠવા અને ટીમે ભુપેન્દ્ર રોડ પર રાજશ્રી સિનેમાની સામે આવેલ ઉપાસના હોટેલમાં મહિલા ઝઘડો કરતી હોઇ અને મદદની જરૂર હોઇ જેથી ઉપાસના હોટેલ ખાતે જતાં ત્યા એક મહીલા પાસે પહોંચતા તે લથડીયા ખાતી બકવાસ કરતી જોવામા આવતાં તેને પોલીસ મથકે લાવી નામ પુછતા પોતાનું નામ લારસા રાજેશસિંઘ



રાજપુત (ઉ.વ.૨૯, ધંધો,કેટરર્સ, રહે સદર બઝાર, નોવા હોટેલ ટ્રેન્ડ શો રૂમની સામે, રહે. મહારાષ્ટ્ર) હોવાનું જણાવતાં ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. આ ઉપરાંત ઉપાસના હોટેલના મેનેજર ચિંતન ચેતનભાઇ વેગડ (રહે. પંચનાથ પ્લોટ) વિરૂધ્ધ હોટેલમાં નેપાળી કર્મચારીઓને કામે રાખ્યાની પોલીસ સ્ટેશનમાં નોંધ ન કરાવી હોઇ તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

બીજા દરોડામાં સરદારનગરના રામ રક્ષક એપાર્ટમેન્ટમાં એ-ડિવિઝન પોલીસે દરોડો પાડી બાલ મોવાળાના પ્રસંગમાં એકઠા થયેલા ચાર લોકો દારૂ પીધેલા હોઇ કાર્યવાહી કરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ તરફથી કોલ મળેલ કે, સરદારનગર શેરી નં.૧૫માં આવેલ રામ રક્ષક એપાર્ટમેન્ટના બીજા માળે રૂમ નં.૦૪ મા અમુક શખ્સો દારૂ પીધેલી હાલતમાં છે. તેના આધારે એપાર્ટમેન્ટમાં દરોડો પાડી બીજા માળ રૂમ નં.૦૪ માં જોતાં ચાર શખ્સો મળી આવ્યા હતાં. પુછતાછમાં પોતાના નામ ધર્મેશ હસમુખભાઇ પારેખ (ઉ.વ-૩૪, રહે, મોટામવા અક્ષર ગ્રીન એપાર્ટમેન્ટ), મીત સંજયગીરી ગોસ્વામી (ઉ.વ-૨૮, રહે મોટા મૌવા પાસે આસ્થા કોલોની), પાર્થ હરેશ પોપટાણી (ઉ.વ.૨૭, રહે, શિવ શક્તી કોલોની નેશનલ ચાઇનિઝ પંજાબીની બાજુમાં) અને અંકીત અશ્વીન દઢાણીયા (ઉ.વ.૩૦, રહે, સાધુવાસવાણી રોડ ગંગોત્રી પાર્ક) હોવાનુ થોથરાતી જીભે જણાવ્યું હતું. આ ચારેય નશો કરેલા હોઇ ગુનો નોંધી ધરકડ કરવામાં આવી હતી.

### કાયદા કાનૂનના પાલન માટે ધોકા ઉપાડતી પોલીસ પણ આખરે તો માણસ જ છે

# થોરાળા પોલીસનું સેવા કાર્યઃ બાળકનું પરિવાર સાથે કરાવ્યુ મિલન

## ગૂમ થયેલા બાળકને હેમખેમ મેળવી પરિવારે માન્યો પોલીસનો આભાર

રાજકોટ,તા.૨૯

પોલીસ પ્રજાનો મિત્ર એ સુત્રને પોલીસ અવાર-નવાર સાબીત કરે છે. તાજેતરમાં એલસીબી ઝોન-૨ની ટીમે પાંચ વર્ષ પહેલા ગાયબ થયેલા યુવાનનું તેના માતા સાથે મિલન કરાવતાં લાગણીભર્યા દ્રશ્યો સર્જાયા હતાં. ત્યાં હવે થોરાળા પોલીસે માનવતાનું કાર્ય કર્યુ છે. ગૂમ થયેલા બાળકને શોધી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. શહેર પોલીસની સંવેદનશીલતા અને ત્વરિત કામગીરીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. રાજકોટના થોરાળા પોલીસ સ્ટેશનની ટીમે પરિવારથી વિખૂટા પડેલા એક માસૂમ બાળકને શોધી કાઢી, ગણતરીના સમયમાં તેના વાલીને સોંપી પોલીસની 'સેવા, સુરક્ષા અને શાંતિ'ની નેમ સાર્થક કરી છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક દ્વારા શહેરમાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધો પ્રત્યે વિશેષ સંવેદનશીલતા દાખવી તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. આ સૂચનાના અનુસંધાને ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ અને એસીપી પુર્વ બી.વી. જાધવના માર્ગદર્શન હેઠળ થોરાળા પોલીસે ત્વરિત એક્શન લીધા હતા. એક પરિવાર પોતાનું બાળક વિખૂટું પડી ગયું હોવાની રજૂઆત સાથે થોરાળા



પોલીસ સ્ટેશને પહોંચ્યું હતું. પરિવારની ચિંતા સમજીને પોલીસ ઈન્સ્પેક્ટર એસ.પી. સોઢાની સૂચના મુજબ તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. આ કામગીરીમાં એએસઆઇ ઘેલુભાઇ શિયાળ, હેડકોન્સ. જયદીપસિંહ જાડેજા, હેડકોન્સ. નિલેશભાઇ જાગાણી, કોન્સ. હરદિપસિંહ ઝાલા સહિતના જોડાયા હતાં. પોલીસની આ સતર્ક ટીમે ગણતરીના સમયમાં જ બાળકને હેમખેમ શોધી કાઢ્યું હતું. બાળકને જોઈને પરિવારની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા હતા અને તેઓએ રાજકોટ પોલીસનો હૃદયપુર્વક આભાર માન્યો હતો. કાયદા કાનુનનું પાલન કરાવવા ધોકા ઉપાડતી પોલીસ આવા માનવતાના કાર્યો પણ કરતી રહે છે. તે વધુ એક વખત સાબીત થયું હતું.

### હું ને મારો મિત્ર યુપી જવા નીકળ્યા અને અજાણ્યા શખ્સોએ છરી ઝીંકી લૂંટ કરી...ઘાયલ યુવાનનીવાતથી પોલીસની ટીમો કામે લાગી અને કંઇક નવુ જ ગતકડુ ખુલ્યું

# બે મિત્રોની બબાલમાં એકની લોથ ઢળી

## વાવડી રહેતાં મુળ યુપીનો યુવાન મધરાતે લોહીલુહાણ હાલતમાં દાખલ થયોઃ પોતાને ત્રણ જણા લૂંટી ગયાનું કહ્યુંઃ પછી સવારે તેના મિત્રની નજીકના ખાડામાંથી લાશ મળીઃ ઘટનાથી અજાણ હોવાનું રટણ કર્યા બાદ અંતે સાચી વાત કબુલીઃ તાલુકા પોલીસ, એલસીબી ઝોન-૨, ક્રાઇમ બ્રાંચે ભેદ ઉકેલ્યો

રાજકોટ,તા.૨૯

ગોંડલ રોડ ગોંડલ રોડ પુનીતનગરથી વાવડીના રસ્તે મામા સાહેબના મંદિર નજીક મધરાતે પગપાળા જઇ રહેલા યુપી-પ્રયાગરાજના એક યુવાન પર અજાણ્યા ત્રણ શખ્સો છરીથી હુમલો કરી રોકડ અને મોબાઇલ ફોનની લૂંટ કરીને ભાગી ગયાની રાવ સાથે તે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં તાલુકા પોલીસે તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન વહેલી સવારે આ સ્થળ નજીકથી જ ખાડામાંથી બીજો એક યુવાન પણ બેભાન ઇજાગ્રસ્ત મળ્યો હતો. તેનું સારવારમાં મોત થયું હતું. આ ઘટનામાં પહેલા તો ઘાયલ થયેલા યુપીના શખ્સે લૂંટની સ્ટોરી ઘડી હતી અને જે લાશ મળી તે પોતાના મિત્રની હોવાનું અને તેને લૂંટારૂઓએ મારી નાંખ્યાની સ્ટોરી ઘડી હતી. પરંતુ પોલીસ તપાસમાં તેની આ કહાની ગપગોળો સાબીત થઇ હતી. તેણે જ મિત્રને ઢાળી દીધાનું ખુલ્યુ હતું.

વિગતો પર નજર કરીએ તો વાવડી રોડ પર ફાલ્કન પંપ નજીક રહેતો અને વાવડીમાં કંપનીમાં નોકરી કરતો એકવીસ વર્ષનો સંતોષ મુંદનલાલ જમાર નામતો યુપી-પ્રયાગરાજનો યુવાન રાતે સાડા ત્રણેક વાગ્યે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યો હતો. પોતાના પર અજાણ્યા શખ્સો છરીથી હુમલો કરી લૂંટ કરી ગયાનું કહેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ત્યાં સવારે આ સ્થળ નજીકથી આશરે બસ્સો મીટર દૂર ખાડામાંથી એક અજાણ્યો યુવાન ઇજાગ્રસ્ત-બેભાન મળતાં તેને પણ ૧૦૮ મારફત હોસ્પિટલમાં ખસેડાયો હતો. પણ આ યુવાનનું ટુંકી સારવારને અંતે મોત થયું હતું.

લૂંટ થઇ એ સ્થળ નજીકથી જ અજાણ્યાની લાશ મળી હોઇ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ એસ. આર. મેઘાણી અને ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સાથે એલસીબી પીએસઆઇ આર. એચ. ઝાલા અને ક્રાઇમ બ્રાંચની ટીમો પણ સામેલ થયા હતાં. અજાણ્યા યુવાનની લાશની ઓળખ માટે પોલીસે તપાસ શરૂ કરી હતી ત્યારે એવી માહિતી મળી હતી કે આ લાશ જેની છે એ દિનેશ ચૌહાણ છે અને એ યુપીનો વતની હતો. વળી તે લૂંટની વાત કરી દાખલ થયેલા સંતોષની સાથે જ રહેતો હતો.

આ પછી પોલીસે મૃતકની લાશના







ફોટા સંતોષને બતાવતાં તેણે ઓળખ કરી બતાવી હતી અને કહ્યું હતું કે રાતે હું અને મિત્ર દિનેશ ચૌહાણ બંને અમારા વતન યુપી જવા નીકળ્યા ત્યારે રસ્તામાં વાવડી રોડે બાઇક પર આવેલા ત્રણ જણાએ અમને આંતરી પૈસા આપી દેવા કહેતાં મેં ના પાડતાં મને છરીના ઘા ઝીંકી મારી પાસેથી વીસેક હજાર રોકડા અને મોબાઇલ ફોન લૂંટી ગયા હતા. મારો મિત્ર દિનેશ ત્યારે બચવા માટે ભાગી ગયો હતો. પછી તેનું શું થયું એ મને ખબર નથી.

જો કે પોલીસે સીસીટીવી ફૂટેજ વગેરે ચેક કરતાં આ બંને મિત્રો સાથે નીકળતાં દેખાયા હતાં. આ પછી સંતોષે ખોટુ બોલતો હોય તેવુ લાગતાં તેની વિસ્તૃત પુછતાછ થતાં અંતે તેણે સાચી હકિકત કબુલી લીધી હતી. બંને મિત્રો સાથે નીકળ્યા બાદ બોલાચાલી ગાળાગાળી થતાં છરીથી મારામારી થઇ હતી. જેમાં સંતોષના હાથે દિનેશની હત્યા થઇ ગયાનું સ્પષ્ટ થયું હતું. પોતાનો ગુનો છુપાવવા સંતોષે લૂંટ-હુમલાની ખોટી સ્ટોરી ઘડી કાઢી હોવાનું ખુલ્યું હતું.

સતોષ બે ભાઇ અને એક બહેનમાં મોટો અને કુંવારો છે. તેનો પરિવાર પ્રયાગરાજમાં રહે છે. હત્યાનો ભોગ બનેલો દિનેશ બે ભાઇમાં નાનો અને કુંવારો હતો. તે ત્રણેક વર્ષથી સંતોષની સાથે જ રહેતો હતો.

પોલીસે આ બાબતની ખરાઇ કરતાં એ સ્પષ્ટ થયું હતું કે જેની લાશ મળી છે એ અજાણ્યો યુવાન દિનેશ ચૌહાણ જ હતો અને તે પણ યુપીનો વતની હતો. તે બે ભાઇમાં નાનો હતો અને અપરિણીત હતો. તેના પુરા નામ-સરનામા મેળવવા, વાલીવારસને જાણ કરવા પોલીસે તપાસ યથાવત રાખી હતી. તો બીજી તરફ પોલીસે એ પણ તપાસ હાથ ધરી છે કે સંતોષ અને દિનેશ વચ્ચે તો કોઇ માથાકુટ થઇ નહોતી ને? આ શંકા મોડી બપોરે સાચી ઠરી હતી.

તપાસમાં સ્પષ્ટ થયુ હતું કે સંતોષ અને મિત્ર દિનેશ વચ્ચે કોઇ વાતે ડખ્ખો થતાં છરીથી મારામારી થઇ હતી. જેમાં દિનેશનું મોત થયા બાદ સંતોષને પણ ઇજા થઇ હોઇ લૂંટની સ્ટોરી સાથે તે હોસ્પિટલમાં પહોંચ્યો હતો. પરંતુ તેની આ સ્ટોરી અંતે ખોટી સાબિત થઇ હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી રાકેશ દેસાઇ, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી આર. એસ. બારીયા, એસીપી બી. જે. ચૌધરીની રાહબરીમાં તાલુકા પીઆઇ એસ. આર. મેઘાણી, પીએસઆઇ મહારાજ, કિશનભાઇ, ક્રાઇમ બ્રાંચ પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ અને ટીમો, તેમજ એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર. એચ. ઝાલા તથા ટીમે હત્યાનું ચોક્કસ કારણ જાણવા કાર્યવાહી કરી હતી.

### અલગ અલગ રીતે આવેલા પરલોકના તેડાઃ ચાર પરિવારમાં શોક

# યુવાને એસિડ પીધુ, બીજાએ લટકીને દીધો જીવ

## પગ ભાંગી ગયો હતો પણ ડાયાબીટીશને કારણે ઓપરેશન થતું ન હોઇ શાપરના યુવાને આપઘાત કર્યોઃ યુપીના યુવાને અકળ કારણે ફાંસો ખાધોઃ કોઠારીયાના મહિલાનું બેભાન હાલતમાં મોતઃ ગુંદાવાડીમાં બીજા માળેથી પટકાતાં વૃધ્ધાનો જીવ ગયો

રાજકોટ,તા.૨૯

અપમૃત્યુ-આઘપાતની વધુ બે ઘટના સામે આવી હતી. જેમાં એક યુવાને પોતાને ડાયાબીટીશ હોઇ તેના કારણે ભાંગી ગયેલા પગનું ઓપરેશન થઇ શકતું ન હોઇ દુઃખાવાથી ત્રાસી જઇ એસિડ પી દુનિયા છોડી દીધી હતી. તો બીજા કિસ્સામાં એક યુવાને અકળ કારણોસર ગળાફાંસો ખાઇને મોત મેળવી લીધુ હતું. ત્રીજા બનાવમાં એક મહિલાનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. ચોથી ઘટનામાં બીજા માળેથી પડી જતાં ગુંદાવાડીના વૃધ્ધાનું મૃતયુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો શાપર વેરાવળમાં રહેતાં વીસ વર્ષના યુવાને પોતે થોડા દિવસ પહેલા રસ્તા પર ચાલીને જતો હતો ત્યારે ગાયની ઢીંકે ચડી જતાં પગ ભાંગી ગયો હતો. પણ આ યુવાનને વર્ષોથી ડાયાબીટીશ હોઇ જેના કારણે પગનું ઓપરેશન ન થઇ શકતાં દુઃખાવો સહન થતો ન હોઇ કંટાળીને આપઘાત કરી લીધાનું ખુલ્યું હતું. શાપર વેરાવળમાં ભુમિ ગેઇટમાં રહેતો નિતેશ નાજાભાઇ મકવાણા નામનો વીસ વર્ષનો યુવાન એસિડ પી જતાં શાપર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ તેનું મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં શાપર પોલીસે કાર્યવાહી કરી હતી. આત્મહત્યા કરી લેનારો નિતેશ બે ભાઇ અને એક બહેનમાં બીજો હતો. તેના પિતા કંપનીમાં નોકરી કરે છે. નિતેશને વર્ષોથી ડાયાબીટીશ હોઇ તે કામ કરી શકતો નહિ. દસ દિવસ પહેલા તે ચાલીને જતો હતો ત્યારે ગાયની ઢીંકે ચડી જતાં તેનો પગ ભાંગી ગયો હતો. જો કે તેને ડાયાબીટીશ હોઇ જેથી ઓપરેશન થઇ શકતું ન હોઇ અને તેનાથી દુઃખાવો સહન થતો ન હોઇ



જેના કારણે કંટાળીને તેણે આ પગલુ ભર્યાનું સગાએ જણાવ્યું હતું.

બીજી ઘટના પર નજર કરીએ તો રાજકોટ જીલ્લાના લોધીકાના વીરવા ગામે રહેતાં અને ત્યાં જ કંપનીમાં નોકરી કરતાં મુળ ઉત્તરપ્રદેશના યુવાને ગળાફાંસો ખાઇ આઘપાત કરી લેતાં સાથી કર્મચારીઓમાં, પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. વીરવા ગામે ગોલ્ડન-૨ ગેઇટ ડી.એન. એન્જિનીયરીંગ નજીક કવાર્ટરમાં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના શાહબુદ્દીન નિશારઅહેમદ ઇદ્રીશ નામના યુવાને સાંજે છએક વાગ્યે રૂમમાં એકલો હતો ત્યારે એંગલમાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો.

આ વખતે જ કોઇ અન્ય કર્મચારી આવી જતાં તેને બેભાન હાલતમાં નીચે ઉતારી સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે લોધીકા પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર શાહબુદ્દીન ત્રણ ભાઇ અને ચાર બહેનમાં મોટો હતો. તેને સંતાનમાં એક દિકરો છે. પત્નિ-પરિવારજનો વતન યુપીમાં રહે છે. પોતે અહિ ત્રણેક વર્ષથી રહી નોકરી કરતો હતો. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

ત્રીજા બનાવની માહિતી જોઇએ તો કોઠારીયા સોલવન્ટ ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતાં છાયાબેન વિજયભાઇ પંડ્યા નામના પંચાવન વર્ષના મહિલા સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ પોલીસ ચોકી મારફત થતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતકના પતિ કર્મકાંડનું કામ કરે છે. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે.

ચોથી ઘટનામાં ગુંદાવાડી શેરી નં. ૧૫માં રામજી મંદિર નજીક શ્રી રામ ફ્લેટમાં રહેતાં કમળાબા બળવંતસિંહ જાડેજા નામના પાંસઠ વર્ષના વૃધ્ધા સવારે સાડા ચારેક વાગ્યે બીજા માળેથી પડી જતાં ગંભીર ઇજાઓ થતાં ઘટના સ્થળે જ મોત થયું હતું. ૧૦૮ મારફત જાણ થતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના એએસઆઇ હરસુરભાઇ ડાંગર સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારને સંતાન નથી. તેઓ પતિ સાથે રહેતાં હતાં. બનાવ અકસ્માતે બન્યો કે અન્ય કંઇ થયું? તેની તપાસ પોલીસે હાથ ધરી હતી. જો કે સગાએ આ વૃધ્ધા અકસ્માતે પડી ગયાનું જણાવ્યું હતું.

---

### સાયબર ગઠીયાઓએ વધુ એક વખત એપીકે ફાઇલના ઉપયોગથી કરી ઠગાઇ

# 'ચલાન' નામની ફાઇલ મોકલી અગીયાર લાખની 'છેતરપીંડી'

**અજાણ્યા નંબર પરથી રેલ્વે સુપરવાઇઝરને એપીકે ફાઇલ મળીઃ ડાઉનલોડ કરતાં જ સીમ કાર્ડ બંધ થયું, ફોન હેક થયોઃ પછી અચાનક ઇએમઆઇ કપાયાનો મેસેજ મળ્યોઃ તપાસ કરતાં ખબર પડી કે તેના નામે બારોબાર લઇ લેવાઇ હતી લાખોની લોન!**

રાજકોટ,તા.૨૯

સાયબર ફ્રોડની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. એક ભુલો ત્યાં બીજી ચાર આવી ઘટના પોલીસ ચોપડે દર્જ થઇ ચુકી હોય છે. વધુ એક વખત સાયબર ગઠીયાઓએ એપીકે ફાઇલ મોકલી સીમ કાર્ડ બ્લોક કરી ફોન હેક કરી રેલ્વેના સુપરવાઇઝરના નામે અગીયાર લાખની પર્સનલ લોન ઉપાડી લઇ ઠગાઇ આચરી લીધી છે. જ્યારે ફોન ફરીથી ચાલુ થયો ત્યારે સુપરવાઇઝરને આ ફ્રોડનો પોતે ભોગ બની ગયાની જાણ થતાં સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરી હતી. આ મામલે એફઆઇઆર દાખલ કરી અજાણ્યા ગઠીયાઓ સુધી પહોંચવા સાયબર ક્રાઇમ પોલીસની ટીમો કામે લાગી છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના વડોદરા શહેરમાં બની છે. સાયબર ઠગાઈનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જેમાં વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી આવેલી ટ્રાફિક ચલાનની એપીકે ફાઇલ ડાઉનલોડ કરતા જ ઠગોએ તેમના નામે ૧૨.૮૬ લાખ રૂપિયાની લોન લઈને રૂપિયા




ઉઠાવી લીધા હતા. આ મામલે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઇ હતી. પોલીસે જણાવ્યું કે વડોદરા શહેરના ન્યુ સમા રોડ વિસ્તારમાં આવેલી સોસાયાટીમાં રહેતા અને રેલવેના સુપરવાઈઝરએ વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના મોબાઈલ પર અજાણ્યા મોબાઇલ નંબર પરથી છલ્લા નામની એપીકે ફાઇલ મોકલવામાં આવી હતી. તેમણે તે ફાઇલ ડાઉનલોડ કરી હતી. જોકે, તેમણે એપ્લિકેશનમાં કોઈ માહિતી દાખલ કરી ન હતી અને બાદમાં તેને ડિલીટ પણ કરી દીધી હતી. પરંતુ એ જ દિવસે સાંજે તેમનું સિમ કાર્ડ અચાનક બંધ થઈ ગયું હતું અને મોબાઈલ હેક થઈ ગયો હતો. આ અંગે તેમણે રેલ્વે કંટ્રોલમાં જાણ કરી હતી. બાદમાં ઝપ્પ ઓફિસમાં સંપર્ક કરતા તેમને જણાવવામાં આવ્યું હતું કે, સિમ કાર્ડ તેમના દ્વારા જ બંધ કરાવવામાં આવ્યું છે, જ્યારે ફરિયાદીએ આ વાતનો ઈનકાર કર્યો હતો. અરજી બાદ તેમનું સિમ કાર્ડ ફરી ચાલુ કરવામાં આવ્યું હતું. આ બનાવ પછી તેમના ખાતામાંથી રૂ. ૨૪,૪૨૭ ઇએમઆઇ કપાતા તેઓ બેંકમાં તપાસ કરવા ગયા હતા. ત્યાં જાણવા મળ્યું કે તેમના નામે ૧૨,૮૬,૮૦૧ રૂપિયાની પર્સનલ લોન લેવામાં આવી છે અને આ રકમમાંથી કુલ રૂ. ૧૨,૮૬,૮૦૧ જેટલી રકમ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ઉપાડી લેવાઈ છે.

આ પછી તેમણે જે તે લોન આપનાર કંપનીનો સંપર્ક કર્યો હતો અને તેમણે આવી કોઈ લોન લીધી નથી. તપાસમાં બહાર આવ્યું કે આ સમગ્ર રકમ એક અજાણ્યા વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ ઉપરાંત આ ઠગાઇ થઇ ગયા પછી પણ ફરીથી એ જ પ્રકારની એપીકે વોટ્સએપ પરથી મોકલવામાં આવી હતી, જે પીડિતે ડાઉનલોડ કરી નહોતી. આ અંગે તેઓએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. આરટીઓ, લગ્ન કંકોત્રીના નામે એપીકે ફાઇલ મોકલીને ઠગાઇ થતી હતી. હવે આ નવતર પ્રકારની એપીકે ફાઇલ મોકલી ગઠીયાઓએ ઠગાઇ ચાલુ કરી હોઇ આવા ફ્રોડથી બચવા જાગૃત રહેવું ખુબ જરૂરી છે.

---

### બધાની પ્રેકહાનીઓ નથી થતી સફળઃ એક પ્રેમકથાનો કરૂણ અંત

# ત્રાસને લીધે મૈત્રીકરારનો અંતઃ પ્રેમિકાનો આપઘાત

રાજકોટ,તા.૨૯

આજના યુગમાં ઓનલાઇન મિત્રતા અને પછી તરત પ્રેમ થઇ જવાની ઘટનાઓ વધી ગઇ છે. યુવાનો તો ઠીક સગીર વયના છોકરા છોકરીઓ પણ નાની અને કાચી વયે ઓનલાઇન માધ્યમથી પ્રેમમાં પડી જાય છે. ઘણીવાર આ માધ્ય પર થતો પરિચય આગળ જતાં મૈત્રી કરાર સુધી પહોંચતો હોય છે. ક્યારેક એક જ વિસ્તારમાં રહેતાં યુવાન-યુવતિ પણ પ્રેમમાં પડીને પ્રેમલગ્ન કે પછી મૈત્રીકરાર કરતાં હોય છે. તમામ પ્રેમ કહાનીઓ સફળ થતી નથી. અનેક એવી પ્રેમકહાની હોય છે જેનો કરૂણ અંત આવી જતો હોય છે. પ્રેમમાં પરસ્પર વિશ્વાસ અને સમજદારી જરૂરી હોય છે. દરમિયાન વીસ વર્ષથી યુવતિએ એક યુવાન સાથે કરેલી મૈત્રીકરાર બાદ પ્રેમી તરફથી સતત ચારિત્ર્ય પર શંકા થતી હોઇ કંટાળીને આ યુવતિએ આપઘાત કરી લેતાં આ મૈત્રી કરારનો કરૂણ અંત આવી ગયો હતો. પોલીસે પ્રેમી સામે યુવતિને મરી જવાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો છે.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના વરાછા વિસ્તારમાં આવેલી કાલિદાસનગર સોસાયટીમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. મહારાષ્ટ્રથી સુરત આવી મૈત્રી કરાર હેઠળ પ્રેમી સાથે રહેતી વીસ વર્ષીય યુવતીએ શંકાશીલ પ્રેમીના ત્રાસથી કંટાળી આત્મહત્યા કરી લીધી હતી. મુળ મહારાષ્ટ્રના ધુલીયા જિલ્લાની વતની વૈશાલી છેલ્લા એક વર્ષથી તેના પ્રેમી ડોંગર ઉર્ફે વેડુ રામકૃષ્ણ પાટીલ જે વીસ વર્ષનો છે તેની સાથે વરાછાની કાલિદાસનગર સોસાયટીના એક મકાનમાં રહેતી હતી. બંને વચ્ચે મૈત્રી કરાર થયેલા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી ડોંગર વૈશાલીના ચારિત્ર્ય પર શંકા કરતો હતો. તેને અન્ય યુવકો સાથે સંબંધ હોવાના આક્ષેપો કરી વારંવાર ઝઘડા કરતો હતો, જેના કારણે વૈશાલી ભારે માનસિક તણાવમાં રહેતી હતી.

વધુ માહિતી મુજબ વૈશાલીના ભાઈ શિવાજી સંતોષભાઈ માળીએ નોંધાવેલી ફરિયાદ મુજબ વૈશાલી પોતાના પરિવાર સાથે બહુ સંપર્કમાં નહોતી. પ્રેમીની સતત હેરાનગતિ અને શંકાશીલ સ્વભાવને કારણે તે અંદરથી ભાંગી પડી હતી. પોતાની વેદના કોઈને કહી શકતી નહોતી અને એકલતામાં ઘૂંટાયા કરતી હતી. અંતે પ્રેમી મીના અસહ્ય ત્રાસથી મુક્તિ મેળવવા તેણે બપોરના સમયે પોતાના ઘરે જ ગળેફાંસો ખાઈ લીધો હતો. આ બનાવની જાણ થતા જ વરાછા પોલીસ કાફલો ઘટનાસ્થળે



**જેના માટે ઘર પરિવાર છોડ્યા એ પ્રેમી જ ચારિત્ર્ય પર શંકા કરી સતત ગુજારતો હતો ત્રાસઃ ગળાફાંસો ખાઇ મોત મેળવતાં પોલીસે પ્રેમી સામે કરી કાર્યવાહી**

દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. વૈશાલીના ભાઈની ફરિયાદના આધારે પોલીસે પ્રેમી ડોંગર પાટીલ વિરૂધ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે.

પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. યુવક અને યુવતી મૈત્રી કરારથી સાથે રહેતા હતા. યુવકની સતત શંકા કરવાના કારણે યુવતીએ આ અંતિમ પગલું ભર્યું હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આ પ્રકારની અનેક પ્રેમીકહાનીઓનો અગાઉ પણ કરૂણ અંત આવી ગયો છે. જેમાં કાં તો પ્રેમીકા કે કાં તો પ્રેમી દગાખોર નીકળતાં કરૂણ ઘટનાઓ બની ચુકી હતી. અમુક કિસ્સામાં તો જે તે યુવતિ એક પ્રેમી સાથે લફરૂ હોય પછી બીજુ લફરૂ કરી બીજા સાથે મળી પહેલાનું કાસળ કાઢી નાખતી હોવાના બનાવો પણ બન્યા છે. તાજેતરમાં એક બનાવમાં પ્રેમીને પામવા એક પત્નિએ પ્રેમી સાથે મળી પતિનો કાંટો કાઢી નાખ્યો હતો.

---

### પ્રેમ આંધળો કે પ્રેમીઓ આંધળા? એવો સવાલ સર્જતી વધુ એક ઘટના

# વિધર્મી સાથે ભાગેલી તરૂણીનો આપઘાત

## સોળ વર્ષની બાળાના આપઘાત મામલે રહસ્યઃ બીજી ઘટનામાં સંતાન સુખ મામલે પતિનો ત્રાસઃ પત્નિને તરછોડી પતિ વિદેશ ભાગી ગયો

રાજકોટ,તા.૨૯

આજના સમયમાં ગમે ત્યારે ગમે તેની સાથે ગમે તેને પ્રેમ થઇ જાય છે. કાચી વયે પણ સગીર-સગીરાઓ સોશિયલ મિડીયા થકી કે પછી બીજી રીતે સંપર્કમાં આવ્યા બાદ પ્રેમમાં પડી જાય છે. ઘણીવાર તો આગળ પાછળનો વિચાર કર્યા વગર આવા સગીર સગીરાઓ ભાગી નીકળતાં હોય છે. ઘણીવખત સગીરાઓને વિધર્મીઓ પ્રેમની જાળમાં ફસાવી ભગાડે છે. આવા અમુક કિસ્સામાં જે તે સગીરાની હાલત બાદમાં કફોડી થઇ જતી હોય છે. આવી જ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં સોળ વર્ષની બાળા વિધર્મી પ્રેમી સાથે ભાગી નીકળી હતી. હવે તેણીએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં આ પ્રેમકહાનીનો કરૂણ અંત આવી ગયો છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરા નજીકના એક ગામમાં છેલ્લા એક મહિનાથી રહેતા પરપ્રાંતિય સગીર વયના પ્રેમીપંખીડા પૈકી પ્રેમિકાએ ગળા ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. વરણામા પોલીસે સગીરાના પરિવારજનોને અંદાજે ત્રીસ જેટલા કોલ કર્યા હતા. પરંતુ, કોઇ વડોદરા આવવા તૈયાર નથી. જેથી, મૃતદેહને કોલ્ડરૂમમાં મૂકવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૂળ બિહારની સો ળવર્ષની કિશોરી તેની જ ઉંમરના વિધર્મી કિશોર સાથે ભાગીને વડોદરા આવી હતી. વડોદરા નજીકના એક ગામમાં તેઓ રહેતા હતા અને એક જ કંપનીમાં નોકરી કરતા હતા.

પ્રેમી નોકરી પર જવા માટે તૈયાર થયો હતો. ઘરેથી બહાર નીકળીને તે પ્રેમિકાની રાહ જોતો હતો. પંદર મિનિટ સુધી પ્રેમિકા નહી આવતા તેણે ઘરમાં જઇને તપાસ કરતા દરવાજો બંધ



હતો. પ્રેમિકાએ દરવાજો નહીં ખોલતા પ્રેમી ઘરની પાછળની બારીમાંથી કૂદીને અંદર ગયો હતો. પ્રેમિકાએ પંખા પર દુપટ્ટા વડે ગળા ફાંસો ખાઇ લીધો હતો. તેણે બૂમાબૂમ કરતા લોકો દોડી આવ્યા હતા. દુપટ્ટો કાપીને પ્રેમિકાને નીચે ઉતારી હતી. પરંતુ, તેનો જીવ બચી શક્યો નહતો. વરણામા પોલીસે કિશોરીના પરિવારજનોનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે, તેના પિતા અસ્થિર મગજના છે. માતાનું અવસાન થયું છે. પોલીસે તેના પરિવારના કાકા, મામા, પિતરાઇ ભાઇ સહિત અન્યને કોલ કર્યા હતા.

પરંતુ કોઇ મૃતદેહ લેવા વડોદરા આવવા તૈયાર નથી. આપઘાતનું કારણ જાણવા માટે પોલીસે તપાસ હાથ ધરી હતી. આ કિસ્સામાં સગીરાને પોતે પરિવારને છોડી વિધર્મી પ્રેમી સાથે ભાગી નીકળ્યા પછી કોઇપણ વાતે અફસોસ થતાં પગલુ ભર્યુ કે પછી પ્રેમી સાથે કોઇ વાતે મનદુઃખ થતાં આત્મહત્યા કરી? ઘટના બીજી તો કંઇ નથી ને? તે સહિતના મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી હતી.

પતિ-પત્નિ વચ્ચે વિખવાદની એક ઘટના કલોલની અમીકુંજ સોસાયટીમાં બની છે.

અહિ રહેતી અને બી.ટેકનો ઉચ્ચ અભ્યાસ કરી ચૂકેલી એક પરિણીતા સાથે તેના પતિ અને સાસરિયાઓએ કરેલા અત્યાચારનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સંતાન ન થવાના મેણાં-ટોણાંથી શરૂ થયેલો આ વિવાદ પત્નિને અંધારામાં રાખી પતિના કેનેડા પલાયન થવા અને ત્યારબાદ પત્નિ સાથે સંપર્ક તોડી નાખવા સુધી પહોંચ્યો છે. આ મામલે પરિણીતાએ કલોલ શહેર પોલીસમાં પતિ, સાસુ અને સસરા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. પરિણીતાના લગ્ન મે ૨૦૨૨માં થયા હતા. લગ્ન જીવનની શરૂઆત સારી રહી હતી પરંતુ, સંતાન પ્રાપ્તિ ન થતાં દંપતીએ આઈવીએફની સારવાર લીધી હતી. જૂન ૨૦૨૪માં આ સારવાર નિષ્ફળ જતાં જ સાસરિયાઓનો અસલી ચહેરો સામે આવ્યો હતો. પતિ અને સાસુ-સસરાએ પત્નીને તું અમને સંતાન આપી શકતી નથી તેમ કહીને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

આ પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેના પતિએ તેને અંધારામાં રાખી કેનેડાના વિઝાની ફાઈલ મૂકી દીધી હતી. જ્યારે કેનેડાની ટિકિટ બુક થઈ ગઈ ત્યારે જ તેને આ અંગે જાણ કરવામાં આવી હતી. તે સમયે પતિએ વિશ્વાસ અપાવ્યો હતો કે તે કેનેડા જઈને તેને પણ બોલાવી લેશે. જોકે, સપ્ટેમ્બર ૨૦૨૪માં કેનેડા ગયા બાદ ફેબ્રુઆરી ૨૦૨૫થી પતિએ પત્ની અને તેના પિયર પક્ષના તમામ નંબરો બ્લોક કરી દીધા અને સંપર્ક તોડી નાખ્યો હતો. પોલીસે હવે આ મામલે તપાસ શરૂ કરી હતી.

# સૌરાષ્ટ્ર - કચ્છમાં ભાજપે અંકે કરી ૨૨૧૪ બેઠક

## મનપામાં ભાજપનું વર્ચસ્વ અકબંધ ૩૪૯ બેઠક પર લહેરાયો ભગવો



રાજકોટ, તા. ૨૯

રાજ્યની સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે જીત અંકે કરી છે અને દર વખતની જેમ મહાનગરમાં પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું છે. વાત કરવામાં આવે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની તો અહિં ભાજપનો વોટ શેર પણ ઘટયો છે. હાલ ભાજપનો વિજય આવનારી ૨૦૨૭ની વિધાનસભા ૨૦૨૭ની ચૂંટણી માટે ખુબ મહત્વનો ભાગ ભજવશે.

મળતી માહિતી મુજબ સૌરાષ્ટ્ર કચ્છના બાર જિલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે ભગવો લહેરાવ્યો છે. સૌરાષ્ટ્ર કચ્છની ચૂંટણીની વાત કરવામાં આવે તો ૨૭૭૩ બેઠકના પરિણામો ગઈકાલે જાહેર તૈયાર છે એમાંથી ૨૨૧૪ બેઠક ભાજપ જીતી છે એટલે કહી શકાય ભાજપે ૮૦% બેઠકો અંકે કરી છે. મહાનગરપાલિકામાં ભાજપે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે અને ૩૮૦ માંથી ૩૪૯ બેઠક જીતી લીધી છે જ્યારે જિલ્લા પંચાયતની ૩૩૫ માંથી ૨૯૪ બેઠક અને નગરપાલિકામાં ૯૯૯ માંથી ૭૮૩ બેઠક અંકે કરી પોતાનો દબદબો સ્થાપિત કર્યો છે. મોરબી, પોરબંદર અને ગોંડલમાં ભાજપ વન સાઈડેડ જોવા મળ્યું. જ્યારે જસદણમાં વિપક્ષો મજબૂત સાબિત થયા.

### રાજકોટ મનપા – જી. પંચાયત – નગરપાલિકા– તાલુકા પંચાયતના ચિત્ર

રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠકોમાંથી ભાજપે ૬૫ સીટ અંકે કરી છે જેમાં કોંગ્રેસ ૭ બેઠક પર વિજય મેળવ્યો છે, – રાજકોટ ૧૧ તાલુકામાં ભાજપે તમામ તાલુકા અંકે કર્યા છે જેમાં કુલ ૨૦૨ બેઠકો માંથી ભાજપનો ૧૫૪, આમ આદમી પાર્ટીનું ૨૫ અને કોંગ્રેસ ૨૩ બેઠક પર આગળ રહી, – રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો પર ભાજપે ૩૪ બેઠક અંગે કરી છે જ્યારે બાકી રહેતી બે બેઠકમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ મેદાન માર્યું છે. જિલ્લા પંચાયતમાં આમ આદમી પાર્ટીની પણ એન્ટ્રી થઈ છે, ગોંડલ નગરપાલિકાની ૪૪ બેઠક પર તમામ ભાજપે અંકે કરી છે.

### જામનગર મનપા – જી. પંચાયત – નગરપાલિકા– તાલુકા પંચાયતના ચિત્ર

જામનગર મહાનગરપાલિકાની ૬૪ બેઠકો પર ૬૦ બેઠકો ભાજપે જીતી છે એમાં કોંગ્રેસે બે અને અન્ય પક્ષે બે બેઠક અંકે કરી છે, જામનગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠક પર ભાજપ નવ બેઠક કોંગ્રેસ ૧૬ બેઠક અન્ય પક્ષો મળી કુલ ત્રણ બેઠક મેળવી પરંતુ જામનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે પોતાનું આધિપત્ય સ્થાપ્યું, સિક્કા નગરપાલિકામાં પણ કોંગ્રેસ ૧૫, ભાજપ ૯ અને અપક્ષ ત્રણ બેઠક જીતી શક્યું અને તેમાં પણ કોંગ્રેસે જીત અંકે કરી, જામનગર જિલ્લાની ૬ તાલુકા પંચાયતમાં ૫માં ભાજપ એકમાં આમ આદમી પાર્ટી જીતી છે.

### કચ્છ મનપા – જી. પંચાયત – નગરપાલિકા– તાલુકા પંચાયતના ચિત્ર

કચ્છ જિલ્લામાં ભાજપે જબરજસ્ત પ્રદર્શન કર્યું છે. ગાંધીધામ મહાનગરપાલિકાની ૫૨ બેઠકમાંથી ૪૧ પર ભાજપનો વિજય થયો છે. તો કોંગ્રેસે ૧૧ બેઠક પર જીત મેળવી છે. જ્યારે માંડવી નગરપાલિકામાં તો ક્લિન સ્વીપ કરી છે એટલે કે ૩૬માંથી ૩૬ બેઠક કબજે કરી છે. તો તમામ નવ તાલુકા પંચાયત પર ભાજપે સત્તા મેળવી છે.

### જૂનાગઢ જી. પંચાયત – નગરપાલિકા– તાલુકા પંચાયતના ચિત્ર

જુનાગઢ જિલ્લા પંચાયત ૩૦ બેઠકમાંથી ભાજપનો ૨૩ પર વિજય જ્યારે સાત બેઠક પર અન્ય પક્ષે દાવેદારી મજબૂત કરી., કેશોદ નગરપાલિકા પણ ભાજપે અંકે કરી છે જેમાં ૩૬ બેઠકમાં ભાજપ ૩૩ અને કોંગ્રેસ ત્રણ બેઠક જીતી શક્યું., જુનાગઢની નવ તાલુકા પંચાયતમાં ભાજપનો છ બેઠક પર ભગવો લહેરાયો છે.

### પોરબંદર મનપા – જિલ્લા પંચાયત – તાલુકા પંચાયત

પોરબંદર મહાનગરપાલિકાની તમામ ૫૨ બેઠક પર કેસરિયો લહેરાયો, પોરબંદર જિલ્લા પંચાયતની તમામ ૧૮ બેઠક ભાજપના ફાળે, પોરબંદર તાલુકા પંચાયતની ત્રણ બેઠકો પર ભાજપનો ભગવો

### ગીર સોમનાથ જિલ્લા પંચાયત – નગરપાલિકા – તાલુકા પંચાયતનું ચિત્ર

ગીર સોમનાથ જિલ્લા પંચાયતની વાત કરવામાં આવે તો કુલ ૨૮ બેઠકો પરથી ૨૨ માં ભાજપ અને કોંગ્રેસે ૬ બેઠક અંકે કરી છે., ગીર સોમનાથ ની ચાર નગરપાલિકાની વાત કરવામાં આવે તો તે તમામ ભાજપે જીતી છે., ગીર સોમનાથ તાલુકા પંચાયતની છ બેઠકો ઉપર પાંચ ભાજપે જીતી જ્યારે એક પર કોંગ્રેસે બાજી મારી છે.

### ભાવનગર મનપા – જિલ્લા પંચાયત –નગરપાલિકા –તાલુકા પંચાયતનું ચિત્ર

ભાવનગર મહાનગરપાલિકાની ૫૨ બેઠકો પર ભાજપ ૪૪ અને કોંગ્રેસ આઠ ઉપર જીતી શકે છે અને ભાજપની સત્તા આવી છે, ભાવનગર જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો પર ભાજપ ૩૨ તથા કોંગ્રેસ અને અન્ય પક્ષ એક એક બેઠક જીતી શક્યું છે, ભાવનગર નગરપાલિકાની ત્રણ બેઠક ભાજપે અંકે કરી લીધી છે, ભાવનગર તાલુકા પંચાયતની ૧૦ બેઠકો પર ભાજપ ૯ અને અપક્ષ એક બેઠક જીતી શક્યું છે અને ભાજપની સત્તા આવી છે.

### દેવભૂમિ દ્વારકાની જિલ્લા પંચાયત – નગરપાલિકા –તાલુકા પંચાયતની સ્થિતિ

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની વાત કરવામાં આવે તો કુલ ૨૨ બેઠકો માંથી ભાજપ ૧૮, કોંગ્રેસ ત્રણ અને અન્ય પક્ષ એક બેઠક જીતી શક્યું છે., દેવભૂમિ નગરપાલિકા ની બે બેઠકો પર એક ભાજપ અને એક કોંગ્રેસ જીત્યું છે, દેવભૂમિ દ્વારકાની તાલુકા પંચાયતની વાત કરવામાં આવે તો ચારમાંથી ત્રણ બેઠક ભાજપે અંકે કરી છે.

### અમરેલી જિલ્લા પંચાયત – નગરપાલિકા – તાલુકા પંચાયતની સ્થિતિ

અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો પર ભાજપે ૩૧માં વિજય મેળવ્યો છે તો બીજી તરફ કોંગ્રેસ એક અને અન્ય પાર્ટી કુલ બે બેઠક જીતી શકે છે, અમરેલી નગરપાલિકાની કુલ છ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે, અમરેલી તાલુકા પંચાયતની ૧૧ બેઠકોમાંથી ભાજપ ૯, કોંગ્રેસ એક અને આમ આદમી પાર્ટી એક બેઠક અંકે કરી શકે છે.

### સુરેન્દ્રનગર માનપા – જિલ્લા પંચાયત – નગરપાલિકા – તાલુકા પંચાયત

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની ૫૨ બેઠકો પર થી ભાજપ ૫૧ જીતી છે અને સત્તારૂઢ થઈ છે., તો બીજી તરફ સુરેન્દ્રનગર ની ૩૨ જિલ્લા પંચાયતની બેઠકમાંથી ભાજપ ૩૧ અને કોંગ્રેસ એક સીટ જીતી શકે છે અને તેમાં પણ ભાજપ સત્તામાં આવી છે, સુરેન્દ્રનગરની ચાર નગરપાલિકા પણ ભાજપ એ જ જીતી છે, સુરેન્દ્રનગર તાલુકા પંચાયતની તમામ ૧૦ સીટ પણ ભાજપના ફાળે આવી છે.

### મોરબી મનપા – જિલ્લા પંચાયત – નગરપાલિકા – તાલુકા પંચાયત

મોરબી નગરપાલિકાની તમામ ૫૨ બેઠક ભાજપે જીતી છે., મોરબી જિલ્લા પંચાયતની ૨૪ બેઠકોમાંથી ભાજપનો ૧૭ અને કોંગ્રેસનો સાત બેઠક પર વિજય થયો છે., મોરબી નગરપાલિકાની ત્રણ બેઠકો માંથી ભાજપે બે અને કોંગ્રેસે એક બેઠક અંકે કરી છે., મોરબી તાલુકા પંચાયતની પાંચ બેઠકમાંથી ભાજપ ચાર બેઠક અને કોંગ્રેસ એક બેઠક જીતી શક્યું છે.

### બોટાદ જિલ્લા પંચાયત

બોટાદ જિલ્લા પંચાયતની તમામ ૨૦ બેઠક ભાજપનો ભગવો લહેરાયો .

# શહેર પ્રમુખ - નગરસેવકોને હેડક્વાર્ટર ન છોડવા આદેશ

**પદાધિકારીઓની પસંદગીમાં સપ્તાહ નીકળી જાય તેવી શક્યતાઃ ૧૨ મેં પછી પ્રથમ જનરલ બોર્ડ મળશેઃ ક્ષત્રિય સમાજને મહત્વનું પદ આપવાની માગણી સાથે બેઠકોનો ધમધમાટ : કોના શિર પર તાજ આવશે ?**

રાજકોટ , તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામે જાહેર થઇ ગયા છે અને ભાજપનો કેસરિયો લહેરાયો છે ત્યારે હવે મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, ડે. મેયર, શાસક પક્ષના નેતા અને દંડક સહિત ૧૫ પેટા સમિતિના ચેરમેનોની નિમણુંક માટે ગણિત શરૂ થયા છે. બીજી તરફ પ્રદેશ ભાજપના નેતાઓ દ્વારા તમામ જિલ્લા અને શહેરોના પ્રમુખો તેમજ ભાજપના તમામ નગરસેવકોને આગામી તા.૬ મે સુધી હેડક્વાર્ટર ન છોડવા માટે આદેશ જારી કરાયો છે.

મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ સાથે આચાર સંહિતા પણ પુર્ણ થઇ ગઈ છે અને હવે પદાધિકારીઓના નામની ચર્ચા શરૂ થઈ છે. પણ, હજી રાજ્ય સરકારના ગેજેટ માં નામ પ્રસિદ્ધ થવામાં ચાર પાંચ દિવસ નીકળી જાય તેવી શક્યતા છે. પ્રદેશ ભાજપ દ્વારા પણ તમામ શહેર અને જિલ્લા ભાજપના પદાધિકારીઓને ઝોન વાઈઝ ગાંધીનગર બોલાવી તેમની સેન્સ લેવાશે આ પછી દરેક સ્થળે પદાધિકારીઓના નામ સાથે વ્હીપ મોકલાશે. આ બધી પ્રક્રિયામાં એક સપ્તાહનો સમય પસાર થઈ જાય તેવી ગણતરી છે. આથી રાજકોટ મહાનગરપાલિકામાં નવ નિયુક્ત શાસકો પદભાર સંભાળે એ પછી તારીખ ૧૨ થી ૧૫ મેં વચ્ચે જનરલ બોર્ડની પ્રથમ બેઠક મળશે

બીજી તરફ શહેર ભાજપમાં ઉમેદવારોની પસંદગી બાદ હવે પદાધિકારીઓની પસંદગી માટે પણ કાવાદાવા શરૂ થયા છે. અને નામ જાહેર થયા બાદ ફરી ભડકો થવાની શક્યતા પણ વર્તાઇ રહી છે.મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપએ સ્પષ્ટ બહુમતી મેળવ્યા બાદ હવે મેયરથી માંડી પેટા સમિતિના ચેરમેનોના નામના ગણિત શરૂ થયા છે. જાણવા મળેલી વિગતો મુજબ ગઇકાલે રાત્રે ક્ષત્રિય સમાજની બેઠક મળી હતી તેમાં મેયર કે સ્ટેન્ડિંગ ચેરમેનપદે ક્ષત્રિય જ્ઞાતિના ઉમેદવારની પસંદગી કરવાની માગણી કરવામાં આવી હતી. નોંધનીય છે કે, ૨૦૨૧ની ચૂંટણીમાં વોર્ડ નં.૩ના ક્ષત્રિય ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાને ડે. મેયર બનાવાયા હતા. પણ લાંબા સમયથી ક્ષત્રિય સમાજના ઉમેદવારને મેયર કે સ્ટેન્ડિંગ ચેરમેન જેવું મહત્વનું પદ મળ્યુ નથી.

જાણવા મળ્યા મુજબ આ બેકઠમાં એવી ચર્ચા થઇ હતી કે મહાનગરપાલિકામાં લાંબા સમયથી મેયરપદે પાટીદાર સમાજના ઉમેદવારો અને સ્ટેન્ડિંગ ચેરમેનપદે બ્રાહ્મણ સમાજના ઉમેદવારોની પસંદગી થતી આવી છે.

મેયરપદે અગાઉ પાટીદાર સમાજના ધનસુખ ભંડેરી, મંજુલાબેન પટેલ, નયનાબેન પેઢડિયાને તક મળી છે. આવી રીતે બ્રાહ્મણ સમાજના ડો. જૈમન ઉપાધ્યાય, જયમીન ઠાકર, બીનાબેન આચાર્ય, ભાવનાબેન જોશીપુરા મેયરપદે અને સ્ટેન્ડિંગ ચેરમેનપદે રહી ચુક્યા છે. ત્યારે જે જ્ઞાતિના ઉમેદવારો અગાઉ મેયર કે સ્ટેન્ડિંગ ચેરમેનપદે રહી ચુક્યા છે તે જ્ઞાતિને બદલે ક્ષત્રિય સમાજના ઉમેદવારોને તક આપવી જોઇએ તેવો સુર આ બેઠકમાં વ્યક્ત થયો હતો.

નોંધનીય છે કે, મેયરની પહેલી ટર્મ સામાન્ય બેઠકના ઉમેદવારો માટે છે જ્યારે બીજી ટર્મ અનુસુચિત જાતીના મહિલા ઉમેદવારો માટે અનામત છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં જુના જોગીઓ જેવા કે અંજનાબેન મોરઝરીયા, જ્યોત્સનાબેન ટીલાળા, ડો. પ્રદિપ ડવ, ડો.નેહલ શુકલ, નરેન્દ્રસિંહ જાડેજા, કેતન પટેલ, અશ્વીનભાઇ ભોરાણીયા ફરીથી ચૂંટાયા છે અને તેઓને મહાનગરપાલિકાના શાસનનો અનુભવ છે. આવા સંજોગોમાં જો જુના જોગીઓમાંથી પસંદગી કરવામાં આવે તો ડો. પ્રદિપ ડવ ડો. નેહલશુકલ અને નરેન્દ્રસિંહ જાડેજાનું નામ આગળની હરોળમાં મુકી શકાય તેમ છે. પણ ડો. ડવ પહેલી ટર્મમાં મેયર અને નરેન્દ્રસિંહ જાડેજા બીજી ટર્મમાં ડે. મેયર રહી ચુક્યા છે. આથી તેઓની ફરીથી મેયર કે સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે પસંદગી કરવામાં આવશે કે કેમ તે મુદ્દો પણ ચર્ચામાં છે. આવી જ રીતે છેલ્લી ટર્મમાં મહિલા મેયર હતા ત્યારે હવે ફરીથી સામાન્ય બેઠક પર જો મહિલા ઉમેદવારની પસંદગી થાય તો બીજી ટર્મ પણ મહિલા અનામત હોય સતત પાંચ વર્ષ મહિલા મેયર રહે તેમ છે. ત્યારે ક્ષત્રિય સમાજની ગઇકાલે મળેલી બેઠકમાં ક્ષત્રિય સમાજના જે ઉમેદવારો વિજેતા બન્યા છે તેઓને મહત્વનો હોદ્દો મળે તે માટે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે જો ક્ષત્રિય સમાજના ઉમેદવારને તક ન મળે તો ભાજપ માટે 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવી પરિસ્થિતિ ઉભી થવાની શક્યતા નકારી શકાતી નથી.

# રાજકોટના ૯૧૧૯ મતદારોએ ૨૩૬માંથી એકપણ ઉમેદવાર પસંદ ન કર્યા

**નોટા દ્વારા વોર્ડ નં.૧૧માં સૌથી વધુ ૯૯૬ વોર્ડ નં.૧માં ૭૫૩ મતદારોએ ઉમેદવારો પ્રત્યે નારાજગી વ્યક્ત કરીઃ જ્યાં કોંગ્રેસનો વિજય થયો છે એ વોર્ડ નં ૧૫ અને ૧૬માં નોટામા સૌથી ઓછા મત પડ્યા**

રાજકોટ , તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો ગઇકાલે જાહેર થયા છે અને ફરી એકવાર ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે . ૨૦૨૧ની જેમ આ ચૂંટણીમાં પણ ૫૧.૧૮ ટકા મતદાન નોંધાયા પછી ગઇકાલે ઈવીએમ દ્વારા ઉમેદવારોના ભાવિનો પટારો ખુલતા ભાજપએ ૬૫ બેઠક સાથે સ્પષ્ટ બહુમતી મેળવી છે. અલબત ભાજપને ૨૦૨૧ની ચૂંટણીમાં ૬૮ બેઠકો અને કોંગ્રેસને ચાર બેઠકો મળી હતી આ સામે ૨૦૨૬માં ભાજપને ૬૫ બેઠક મળતાં ત્રણ બેઠકનું નુકસાન થયું છે જ્યારે કોંગ્રેસને ત્રણ બેઠકનો ફાયદો થયો છે.

મહાનગરપાલિકા વિસ્તારમાં નોંધાયેલા કુલ ૯, ૮૫,૯૫૨ મતદારોમાંથી ૨,૮૪,૯૮૭ પુરૂષ અને ૨,૧૯,૬૧૨ સ્ત્રીઓ મળીને કુલ ૫,૦૪,૫૯૯ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આમાં ૯૧૧૯ મતદારોએ એવા છે કે જેઓએ તમામ ઉમેદવારો પ્રત્યે નારાજગી બતાવીને 'નોટા'નો ઉપયોગ કર્યો છે. જે વોર્ડમાં સૌથી વધુ મતદારાઓ ઉમેદવારો પ્રત્યે નારાજગી બતાવી છે તેમાં વોર્ડ નં .૧૧ અને વોર્ડ નં.૧માં સૌથી વધુ મતદારો છે. પણ જ્યાં કોંગ્રેસનો વિજય થયો છે તે વોર્ડ નં.૧૫ અને ૧૬માં સૌથી ઓછા મત નોટામાં પડ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકામાં ૨૦૨૧ બાદ ભાજપએ શાસન સંભાળ્યા પછી વોર્ડ નં.૧૨માં ટીઆરપી અગ્નિકાંડ અને વોર્ડ નં.૧૫માં ચૂંટણી પહેલા કરાયેલા જંગલેશ્વરના મેગા ડિમોલિશનની અસર મતદાન પર પડશે અને ભાજપની બેઠકો ઘટશે તેવી ધારણા વચ્ચે પણ ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. જ્યારે જંગલેશ્વરના ડિમોલિશનથી નારાજ મતદારોએ ભાજપ ને જાકારો આપી વોર્ડ નં. ૧૬માં કોંગ્રેસને વિજય અપાવ્યો છે. પણ શહેરના આ ૧૮ વોર્ડમાં ભાજપ કોંગ્રેસ આમ આદમી પાર્ટી અને અન્ય મળીને કુલ ૨૩૬ ઉમેદવારોમાંથી એકપણ ઉમેદવારને પસંદ ન કરીને ૯૧૧૯ મતદારોએ ' નોટા'નો ઉપયોગ કર્યો છે.

જે વોર્ડમાં મતદારોએ ઉમેદવારો પ્રત્યે સૌથી વધુ નારાજગી બતાવી છે. તેમાં વોર્ડ નં.૧૧માં ૯૯૬ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો છે આવી જ રીતે વોર્ડ નં.૧માં પણ ૭૫૩ મતદારોએ 'આમાંથી એકપણ નહીં'નુ બટન દબાવ્યું છે. જે સૌથી વધુ ચર્ચામાં હતો તે વોર્ડ નં.૨માં ૫૦૭ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો છે. આવી જ રીતે, વોર્ડ નં.૩માં ૬૦૦,વોર્ડ નં.૪માં ૩૬૮, વોર્ડ નં.૫માં ૩૫૦,વોર્ડ નં.૬માં ૪૦૫, વોર્ડ નં.૭માં ૩૨૩, વોર્ડ નં.૮માં ૬૯૬, વોર્ડ નં.૯માં ૭૫૨, વોર્ડ નં.૧૦માં ૫૦૨, વોર્ડ નં.૧૧માં ૯૯૬, વોર્ડ નં.૧૨માં ૩૯૦, વોર્ડ નં.૧૩માં ૪૬૬, વોર્ડ નં.૧૪માં ૪૮૫, વોર્ડ નં.૧૫માં ૩૧૯, વોર્ડ નં. ૧૬માં ૩૦૦ વોર્ડ નં.૧૭માં ૪૨૮ અને વોર્ડ નં.૧૮માં ૪૭૯ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો છે.

આ તમામ વોર્ડમાં કોંગ્રેસ જ્યાંથી વિજેતા બની છે ત્યાં સૌથી ઓછા મત નોટામાં પડયા છે. જેમાં વોર્ડ નં.૧૫માં ૩૧૯ અને વોર્ડ નં.૧૬માં ૩૦૦ મત છે. ૧૮ વોર્ડના કુલ ૯,૮૫,૯૫૨ મતદારોમાંથી ૯૧૧૯ મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો છે

# રાજકોટિયન્સ બન્યા ડિજિટલ સિટીઝન્સ

**બાવીસ દિવસમાં ૯૫,૮૯૬ કરદાતાઓ રૂા. ૫૬.૦૧ કરોડનો ઓનલાઈન વેરો ભરપાઈ કર્યોઃ કુલ ૧.૨૯ લાખ કરદાતાઓએ રૂા. ૭૬.૩૪ કરોડનો વેરો ભરપાઇ ક્ર્યો : મનપા દ્વારા રૂા. ૮.૬૩ કરોડનું વળતર ચુકવાયું**

રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકા દ્વારા નવા નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭માં મિલ્કતવેરા તથા પાણી વેરાની વસુલાત અને વેરા વળતર યોજના તારીખ ૭ એપ્રિલથી શરૂ કરવામાં આવી છે. કરદાતાઓ દ્વારા મહાનગર પાલિકાની વિવિધ ડિજિટલ તથા ઓફ લાઇન સુવિધાઓનો વ્યાપક ઉપયોગ કરી સમયસર વેરા ભરપાઇ કરવામાં આવી રહ્યો છે. તા.૨૯ એપ્રિલ સુધીમાં કુલ ૧,૨૯,૬૨૯ કરદાતાઓ દ્વારા રૂ. ૭૬.૩૪ કરોડની વેરા વસુલાત થવા પામી છે. જેમાં ઓનલાઇન માધ્યમ દ્વારા ચુકવણી કરનાર કરદાતાઓની સંખ્યા પણ નોંધપાત્ર રહી છે. કુલ ૯૫,૮૯૬ કરદાતાઓએ ઓનલાઇન માધ્યમથી રૂ. ૫૬.૦૧ કરોડની રકમ ભરપાઇ કરી છે. જ્યારે, ૩૩,૭૩૩ કરદાતાઓએ ચેક તથા રોકડ મારફતે રૂ. ૨૦.૩૩ કરોડની ભરપાઇ કરી છે.

મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ વેરા ભરપાઇ કરનાર કરદાતાઓને પ્રોત્સાહનરૂપ વળતર યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી કુલ રૂ. ૮.૬૩



કરોડ જેટલું માતબર વળતર કરદાતાઓને આપવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા અમલમાં રહેલ વેરા વળતર યોજના મુજબ તા. ૩૧ મે સુધી સામાન્ય કરદાતાઓને ૧૦ ટકા ડિસ્કાઉન્ટ તથા મહિલા કરદાતાઓને ૧૫ ટકા ડિસ્કાઉન્ટનો લાભ આપવામાં આવી રહ્યો છે. જ્યારે તા. ૧ જૂન થી તા. ૩૦ જૂન દરમિયાન મહિલા કરદાતાઓને ૧૦ ટકા તથા સામાન્ય કરદાતાઓને ૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. મહાનગરપાલિકાની ઓનલાઇન પેમેન્ટ વ્યવસ્થા સરળ, ઝડપી અને પારદર્શક હોવાને કારણે મોટી સંખ્યામાં કરદાતાઓ ઓનલાઇન ચુકવણી તરફ આગળ વધી રહ્યા છે.

વર્ષ ૨૦૨૫-૨૬ની સરખામણીએ પણ આ વર્ષે વસુલાતને સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તા. ૨૯ એપ્રિલ સુધીમાં કુલ ૧,૩૯,૬૯૨ કરદાતાઓ દ્વારા રૂ. ૮૪.૧૯ કરોડનો વેરો ભરપાઈ કરવામા આવ્યો હતો જેમાં ૧,૦૩,૫૩૦ કરદાતાઓએ ઓનલાઇન માધ્યમથી રૂ. ૫૯.૭૭ કરોડની ભરપાઇ કરી હતી. જ્યારે ૩૬,૧૬૨ કરદાતાઓએ ચેક તથા રોકડથી રૂ. ૨૪.૪૨ કરોડની ચુકવણી કરી હતી. અને તે સમયગાળા દરમિયાન કુલ રૂ. ૯.૪૩ કરોડનું વળતર ચુકવવામાં આવ્યું હતું. મહાનગરપાલિકા દ્વારા કરદાતાઓને વધુ સુવિધા મળે તે માટે ઓનલાઇન પેમેન્ટ સિસ્ટમ, ઇ-ગવર્નન્સ સેવાઓ અને નાગરિક કેન્દ્રિત સુવિધાઓને સતત વધુ સક્ષમ બનાવવામાં આવી રહી છે.